પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૭૪, કુલ પાના:૪, તારીખ: ૧૪-૦૭-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 274 PRICE :-RS. 1.50 DATE : 14-07-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વડાપ્રધાન મોદીએ પૂર્વોત્તરના રાજ્યોમાં કોરોનાની સ્થિતિ અંગે ચર્ચા કરી

## હિલ સ્ટેશનો પર વધતી લોકોની ભીડ કોરોનાની ત્રીજી લહેરને આમંત્રણ

ન્યુ દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે પૂર્વોત્તરનાં રાજ્યોમાં કોરોનાની સ્થિત પર ચર્ચા કરી. આ દરમિયાન આસામ, મણિપુર, અરુણાચલ પ્રદેશ, મિઝોરમ, મેઘાલય, સિક્કિમ, ત્રિપુરા અને નાગલેન્ડના મુખ્યમંત્રી હાજર રહ્યા હતા. મોદીએ તેમને કહ્યું હતું કે હિલ સ્ટેશન, માર્કેટમાં માસ્ક પહેર્યા વગર અને પ્રોટોકોલ વગર ભારે ભીડ એકત્રિત થાય એ યોગ્ય નથી. આ બાબત આપણા માટે ચિંતાનો વિષય છે.




તેમણે વધુમાં જણાવ્યું હતું કે કેટલાક લોકો જાહેરમાં કહે છે કે ત્રીજી લહેર આવતાં પહેલાં એન્જોય કરવા માગે છે. લોકોએ સમજવું પડશે કે ત્રીજી લહેર એની જાતે નહિ આવે. સવાલ થવો જોઈએ કે એને કઈ રીતે રોકી શકાય? પ્રોટોકોલનું કઈ રીતે પાલન કરવાનું છે? કોરોના એની જાતે આવતો નથી, કોઈ જઈને લઈ આવે તો જ આવે છે. આપણે સાવધાની રાખીશું તો જ એને રોકી શકીશું.

આપણે વાયરસના વેરિયન્ટ પર નજર રાખવી પડશે. સંક્રમણ રોકવા માટે આપણે માઈક્રો લેવલ પર વધુ સખત પગલાં ભરવાં પડશે. આ બહુરૂપી છે. વારંવાર એનાં રંગ-રૂપ બદલે છે. મ્યૂટેશન પછી એ કેટલો ખતરનાક હશે એ અંગે એક્સપર્ટ અભ્યાસ કરી રહ્યા છે. પ્રિવેન્શન અને ટ્રીટમેન્ટ ખૂબ જરૂરી છે. આ બાબતે આપણે સંપૂર્ણ ફોકસ રાખવાનો છે. વાયરસનો પ્રકોપ બે ગજનું અંતર, માસ્ક અને વેક્સિનેશનથી ફિક્કો થશે.

હેમંત બિસ્વ શર્મા જણાવી રહ્યા હતા કે તેમણે ૬ હજારથી વધુ માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોન બનાવ્યા. એનાથી જવાબદારી નક્કી થાય છે. માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોન પર જેટલો ભાર આપીશું એટલા ઝડપથી આપણે આ સ્થિતિમાંથી બહાર આવીશું. છેલ્લાં દોઢ-બે વર્ષમાં જે અનુભવ મળ્યો છે એનો ઉપયોગ કરવો પડશે. રાજ્યો અને જિલ્લાઓમાં ઘણાં ઈનોવેશન કરવામાં આવ્યાં છે, એને ચાલુ રાખવાં પડશે.

એક્સપર્ટ વારંવાર ચેતવણી આપી રહ્યા છે કે અસાવધાની, બેદરકારી અને ભીડભાડથી કોરોના સંક્રમણમાં ભારે ઉછાળો આવી શકે છે. દરેક સ્તરે ગંભીરતાથી પગલાં લેવામાં આવે. વધુ ભીડવાળા કાર્યક્રમને રોકી શકાય છે, એને રોકવા જોઈએ. કેન્દ્ર બધાને ફ્રીમાં વેક્સિન ઉપલબ્ધ કરાવી રહી છે. ત્રીજી લહેરને રોકવા માટે વેક્સિનેશનને ઝડપી કરવું પડશે. સેલિબ્રેટી, ધર્મ, શિક્ષા અને દરેક ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો વેક્સિનેશન માટે લોકોને જાગ્રત કરે.

આપણે ટેસ્ટિંગ અને ટ્રીટમેન્ટના ઈન્ફ્રાસ્ટ્રકચરમાં સુધારો કરીને આગળ વધવાનું છે. કેબિનેટે ૨૩ હજાર કરોડ રૂપિયાનું નવું પેકેજ આપ્યું છે. નોર્થ-ઈસ્ટના દરેક રાજ્યને આ પેકેજથી પોતાના હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચરને મજબૂત કરવામાં મદદ મળશે. જ્યાં કેસ વધી રહ્યા છે ત્યાં ICU બેડ વધારવામાં મદદ મળશે. ઓક્સિજન પર કામ કરવું પડશે.

સમગ્ર દેશમાં ઓક્સિજન પ્લાન્ટ લગાવવામાં આવી રહ્યા છે. નોર્થ-ઈસ્ટ માટે ૧૫૦ પ્લાન્ટ મંજૂર થયા છે. એ ઝડપથી પૂર્ણ થાય અને અડચણ ન આવે. સ્કિલ્ડ મેનપાવરને પણ તૈયાર કરી લો. ભૌગોલિક સ્થિતિને જોતાં અસ્થાયી હોસ્પિટલ બનાવવી ખૂબ જરૂરી છે.

ટ્રેન્ડ મેનપાવરની જરૂરિયાત છે. ICU બેડ, ઓક્સિજન બેડ, નવી હોસ્પિટલો માટે નવા ટ્રેન્ડ મેનપાવરની જરૂર છે. એની સાથે સંકળાયેલી તમામ મદદ કેન્દ્ર સરકાર કરશે. સમગ્ર દેશ ૨૦ લાખથી વધુ ટેસ્ટ રોજ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરી ચૂક્યો છે. નોર્થ-ઈસ્ટના દરેક જિલ્લામાં ટેસ્ટિંગની ક્ષમતા વધારવી પડશે. રેન્ડમ ટેસ્ટિંગને એગ્રેસિવ કરવું પડશે.

## રથયાત્રા સંપન્ન: મંદિરની બહાર આખી રાત રહેલ ભગવાન મંદિરમાં બિરાજમાન થયા

અમદાવાદ,

ભગવાન જગન્નાથજીની ૧૪૪મી રથયાત્રા અષાઢી બીજના દિવસે ભક્તો વિના જ સંપન્ન થઈ. નગરચર્યાએ નીકળેલા ભગવાન જગન્નાથ, ભાઈ બળરામજી અને બહેન સુભદ્રાજીએ આજે મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશ કર્યો હતો. ભગવાન નગરચર્યા કર્યા બાદ મંદિરના પરિસરમાં એક રાતનો વિસામો કરે છે. મંદિરમાં તેમની આરતી પણ ઉતારવામાં આવે છે. ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા આ દરમિયાન જગન્નાથ મંદિરમાં જ ઉપસ્થિત હતા.



નોંધનીય છે કે દર વર્ષે ભગવાન જગદીશ અમદાવાદના રાજમાર્ગો પર અખાડા, હાથી, ભજનમંડળી સહિત નગરચર્યાએ નીકળે છે. કોરોનાને કારણે ભગવાનની રથયાત્રા નગરમાં ફરી શકી નહોતી. ગત વર્ષે પણ રથયાત્રાને મંદિર પરિસરમાં જ ફેરવવામાં આવી હતી. આ વર્ષે કોરોનાના કેસોમાં ઘટાડો થતાં સરકારે નિયમો સાથે રથયાત્રા યોજવાની મંજૂરી આપી હતી, જેથી ગઈકાલે શહેરમાં ભગવાન જગદીશ ભારે પોલીસ-બંદોબસ્ત અને કર્ફ્યૂની વચ્ચે નગરચર્યાએ નીકળ્યા હતા. દર વર્ષે ૧૪ કલાક જેટલો સમય શહેરમાં ફરતી ભગવાન જગન્નાથની રથયાત્રા આ વખતે માત્ર ચાર કલાકમાં ૨૨ કિલોમીટર ફરીને નિજમંદિર પરત ફરી હતી.

રથયાત્રા શાંતિપૂર્વક સંપન્ન થાય એ માટે ગૃહ રાજ્યમંત્રી સતત સમીક્ષા કરતા હતા. શનિવારથી શરૂ થયેલી રથયાત્રા મહોત્સવને લઈને પ્રદીપસિંહ જાડેજા પોલીસતંત્ર અને મંદિર સાથે બેઠકો કરતા હતા, રથયાત્રાના દિવસે જ સવારે ૩.૩૦ વાગ્યાથી તેઓ મંદિરમાં હાજર થઈ ગયા હતા. તેમની સાથે રાજ્યના પોલીસવડા આશિષ ભાટિયા અને અમદાવાદના પોલીસ કમિશન સંજય શ્રીવાસ્તવ પણ હતા. સતત આઠ કલાક સુધી તેઓ રથયાત્રાની સાથે સાથે રહ્યા હતા. શહેરમાં શનિવારથી જ પોલીસનો સઘન બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. ૨૩ હજાર જેટલા પોલીસકર્મીઓ શહેરમાં બંદોબસ્તમાં ખડા થઈ ગયા હતા. સતત મોનિટરિંગથી તેમણે રથયાત્રા માટે તૈયાર કરેલી જીંનું સહેજ પણ ઉલ્લંઘન થવા નથી દીધું.

## સી-પ્લેન આઠ મહિનામાં આઠ વખત પણ ન ઉડ્યું: મોઢવાડિયાના સરકાર પર પ્રહાર

ગાંધીનગર,

ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતા અર્જુન મોઢવાડિયાએ સી-પ્લેનને લઈને સરકાર પર નિશાન સાધ્યું હતું. અને સરકાર ખોટા તાયફા અને ખર્ચા બંધ કરે તેવી સલાહ પણ અર્જુન મોઢવાડિયાએ આપી હતી. આ ઉપરાંત આજે વસ્ત્રી નિયંત્રણ કાયદાને લઈને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આપેલ નિવેદન અંગે પણ અર્જુન મોઢવાડિયાએ પોતાની પ્રતિક્રિયા આપી હતી.



સી-પ્લેન અંગે સરકાર પર પ્રહાર કરતાં અર્જુન મોઢવાડિયાએ એક ટ્વીટ કરીને લખ્યું હતું કે, સી-પ્લેન ૮ મહિનામાં ૮ દિવસ પણ ના ચાલ્યુ! ૩ મહિનાથી સી-પ્લેનનો કોઈ અતો-પતો પણ નથી! કોરોનાના વિકટ સમયમાં માસ્કના દંડના નામે લોકો પાસેથી, લૂંટેલા કરોડો રૂપિયા સી-પ્લેનના તાયફા પાછળ ઉડાવી દેવાયા!

આ અંગે અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે, જે રીતે ચૂંટણીઓ આવે છે ત્યારે ભાજપ તાયફાઓ કરે છે. ૫૯ વર્ષ જૂનુ સી પ્લેન અપાયું છે. અને ૮ મહિનામાં ૮ દિવસ પણ સી પ્લેન ઉડ્યું નથી. ભાજપ ૧૦૦૦ રૂપિયા માસ્ક અને કાયદાઓના નામે પૈસા ઉઘરાવે છે. આ સાથે મોઢવાડિયાએ જણાવ્યું કે, સરકાર ખોટા તાયફાઓ બંધ કરે અને ખોટા ખર્ચ બંધ કરે. આ ઉપરાંત તેઓએ એમ પણ કહ્યું હતું કે, સી પ્લેન કંપની પાસેથી ડેમેજ વસુલ કરવું જોઈએ.

## ફક્ત કાર્યક્રમોમાં હાજરી આપવાથી કઈ નહિ થાય, સરકારની યોજનાઓ લોકો સુધી પહોંચાડો

અમદાવાદ,

અમદાવાદની નિકોલ વિધાનસભાના ચોપડા વિતરણ કાર્યક્રમમાં હાજર રહેલા ભાજપ પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે આગેવાનોને ટકોર કરી હતી. પ્રદેશ પ્રમુખે પોતાના સંબોધનમાં આગેવાનોને કહ્યું કે, ફક્ત કાર્યક્રમોમાં હાજરી આપવાથી કઈ નહિ થાય, કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓ લોકો સુધી પહોંચાડો. પ્રધાનમંત્રી મોદીએ લોકો માટે ૧૨ રૂપિયામાં ૨ લાખની વીમા યોજના શરૂ કરી છે. દરેક કાર્યકર્તા પોતાના જન્મદિવસે ૧૦ લોકોના વીમા ઉતારે અને ભાજપે (BJP) જાહેર કરેલા વોટ્સએપ નંબરથી જરૂરિયાતમંદોને બેંક લોનથી લઈને સરકારની યોજનાઓની વિગતો પહોંચાડે જે લોકોનું જીવન બદલશે. તેમણે ધારાસભ્ય જગદીશ પંચાલના કાર્યક્રમના આયોજન બદલ પીઠ થાબડી. તો સાથે જ બધા કાર્યકરોને ફોનના માધ્યમથી સરકારની યોજના માટેનો વોટ્સએપ નંબર ન પહોંચાડવા બદલ ઠપકો પણ આપ્યો. અમદાવાદ શહેર પ્રમુખ અમિત શાહને આગામી આયોજનો માટે સૂચના આપી અને ઝડપથી કોર્પોરેટરો સાથેની બેઠક બોલાવવા કહ્યું. તેમણે કાર્યકર્તાઓને આગામી દિવસોમાં ફરી વાર લોકો વચ્ચે જવા કહ્યું. અમદાવાદ શહેર સંગઠન બન્યા બાદ ઝડપથી આયોજન થાય તે માટે ટકોર કરી. ભાજપ અધ્યક્ષે કહ્યું કે, જનસંઘના ઈતિહાસ સાથેની વિગતોવાળું ટેબલેટ પક્ષના ૧૦ હજાર આગેવાનોને અપાશે. જેનાથી ટેકનોલોજીનો વ્યાપ જમીન સુધી પહોંચે. આખા દેશમાં ક્યાંય ન હોય તેવું ટેકનોસેવી સંગઠન ગુજરાત ભાજપનું હશે.

## ઈરાકમાં કોવિડ-૧૯ હોસ્પિટલમાં ભીષણ આગથી ૬૪ લોકોના મોત

બગદાદ,

ઈરાકના દક્ષિણ શહેર નસીરિયાની અલ-હુસૈન કોવિડ હોસ્પિટલમાં ભીષણ આગ ભભૂકી ઊઠી હતી. આગમાં ૨ આરોગ્યકર્મચારી સહિત ૬૪ લોકોનાં મોત નીપજ્યાં અને ૧૦૦ લોકો ઘાયલ થયા હતા. આગને કાબૂમાં લેવામાં આવી છે. કોવિડ વોર્ડમાં ઓક્સિજન-ટેક્નમાં વિસ્ફોટથી આગ લાગી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

આ ઘટના બાદ વડાપ્રધાન મુસ્તફા અલ-કદમીએ વરિષ્ઠ પ્રધાનોની બેઠક બોલાવી છે, જેમાં નસીરિયા હોસ્પિટલના સિક્યોરિટી મેનેજરોને સસ્પેન્ડ કરીને ધરપકડ કરવા આદેશ આપવામાં આવ્યા છે.



અકસ્માત દરમિયાન આરોગ્યકર્મચારીઓએ કોવિડ હોસ્પિટલમાંથી સળગતા મૃતદેહોને બહાર કાઢ્યા હતા, જ્યારે ધુમાડાને કારણે ઘણા દર્દીઓ ઉધરસ ખાતા હતા. આ અકસ્માતની તપાસ શરૂ કરી દેવામાં આવી છે, જેથી આગ લાગવાનું કારણ જાણી શકાય. ઘણા લોકો લાપતા થયા હોવાનું જણાવાયું હોવાથી મૃત્યુઆંક વધી શકે છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સ્વાસ્થ્ય કર્મચારીઓએ સળગી રહેલી હોસ્પિટલમાંથી મૃતદેહો બહાર કાઢ્યા હતા અને અનેક દર્દીઓ ધૂમાડાના કારણે ખાંસી રહ્યા હતા. નાસિરિયાના સ્વાસ્થ્ય અધિકારીઓએ જણાવ્યું કે, આગ પર કાબૂ મેળવ્યા બાદ અલ-હુસૈન કોરોના વાયરસ હોસ્પિટલમાં રાહત અને બચાવ અભિયાન ચાલુ હતું પરંતુ ભારે ધૂમાડાના કારણે કેટલાક વોર્ડમાં પ્રવેશ કરવો જ મુશ્કેલ બની ગયો હતો.

પ્રારંભિક પોલીસ રિપોર્ટ પ્રમાણે હોસ્પિટલના કોવિડ ૧૯ વોર્ડની અંદર એક ઓક્સિજન ટેક્ફ ફાટવાના કારણે આ આગ લાગી હતી. હોસ્પિટલના ગાર્ડ અલી મુહસિને જણાવ્યું કે, તેણે કોવિડ વોર્ડની અંદર એક મોટો વિસ્ફોટ સાંભળ્યો હતો અને પછી આગ ખૂબ જ ઝડપથી ભડકી ઉઠી હતી.

એપ્રિલની શરૂઆતમાં બગદાદની કોરોના હોસ્પિટલમાં આગ ફાટી નીકળી હતી, જેમાં ૮૨ લોકોનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે ૧૧૦ લોકો ઘાયલ થયા હતા. યુદ્ધ અને પ્રતિબંધો દ્વારા પહેલેથી જ નષ્ટ થઈ ચૂકેલા ઈરાકના આરોગ્ય વિભાગને કોરોના વાયરસ સામે લડવા માટે પહેલેથી જ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. અહીં અત્યારસુધીમાં આ મહામારીને કારણે ૧૪.૩૮ લાખથી વધુ લોકોને સંક્રમણ લાગ્યું છે, જ્યારે ૧૭,૫૯૨ લોકો મૃત્યુ પામ્યા છે.

## કોરોનાથી એક દિવસમાં ૨,૦૨૦ના મોત થતા ચિંતામાં વધારો

ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોનાના નવા કેસમાં સતત ફરી એકવાર ઘટાડો નોંધાવાનું શરુ થયું છે. જેમાં ૧૧૮ દિવસ પહેલા ૨૪ કલાકમાં નોંધાયા હતા તેટલા ઓછા કેસ નોંધાયા છે. પરંતુ ૨૪ કલાકમાં વધુ ૨૦૦૦થી વધુ મોત નોંધાયા છે. જ્યારે ગઈકાલની સરખામણીમાં આજે મોટો ઘટાડો નોંધાયો છે. ગઈકાલે દેશમાં ૩૭,૧૫૪ નવા કેસ નોંધાયા હતા અને ૭૨૪ દર્દીઓના મોત થયા હતા. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં કોરોનાના નવા ૩૧,૪૪૩ કેસ નોંધાયા છે, જ્યારે ૨૦૨૦ દર્દીઓના મોત થઈ ગયા છે. દેશમાં ૧૧૮ દિવસ બાદ ૨૪ કલાકમાં સૌથી ઓછા નવા પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે દેશમાં રિકવરી રેટ વધીને ૯૭.૨૮% થયો. દેશમાં ફરી એકવાર લાંબા સમય પછી કોરોનાના લીધે એક જ દિવસમાં ૨૦૦૦થી વધુ દર્દીઓના મોત થયા કુલ મૃત્યુઆંક વધીને ૪,૧૦,૭૮૪ થઈ ગયો છે. વધુ ૪૯,૦૦૭ દર્દીઓ સાજા થવાની સાથે કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૩,૦૦,૬૩,૭૨૦ થઈ ગઈ છે. સાજા થનારા દર્દીઓ નવા કેસની સરખામણીમાં વધુ નોંધાતા એક્ટિવ કેસમાં ઘટાડો થઈ રહ્યો છે. આજે નવા જાહેર કરાયેલા આંકડા પ્રમાણે કુલ એક્ટિવ કેસ ઘટીને ૪,૩૨,૭૭૮ થઈ ગયા છે. દેશમાં પાછલા ૨૪ કલાકમાં કોરોના વાયરસની રસીના કુલ ૪૦,૬૫,૮૬૨ ડોઝ લગાવવામાં આવ્યા, જેની સાથે કુલ ડોઝની સંખ્યા ૩૮,૧૪,૬૭,૬૪૬ થઈ ગઈ છે. આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૧૧ જુલાઈ સુધીમાં કુલ ૪૩,૨૩,૧૭,૮૧૩ સેમ્પલ લેવામાં આવ્યા છે. જ્યારે ગઈકાલે વધુ ૧૪,૩૨,૩૪૩ સેમ્પલ લેવામાં આવ્યા હતા. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ દેશમાં હાલ કોરોનાથી રિકવરી રેટ ૯૭.૨૮% પર પહોંચ્યો છે. વીકલી પોઝિટિવિટી રેટ ઘટીને ૨.૨૮ ટકા થયા છે જ્યારે ડેઈલી પોઝિટિવિટી રેટ ૧.૮૧ ટકા છે.

## આંદામાન-નિકોબારમાં અનુભવાયા ૪.૨ની તીવ્રતાનો ભૂકંપ



પોર્ટ બ્લેયર,

આંદામાન દ્વીપ વિસ્તારમાં આજે સવારે ૧.૪૪ વાગે ભુકંપના ઝટકા અનુભવાયા છે. રિક્ટર સ્તર પર ભૂકંપની તીવ્રતા ૪.૨ માપી છે. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના ભૂકંપની જાણકારી આપી છે.

ત્યારે ૭ જુલાઈએ આસામના ગોલપાડામાં બુધવારે સવારે ૮.૪૫ વાગે ભૂકંપની ઝટકા અનુભવાયા હતા. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના રિક્ટર સ્કેલ પર આની તીવ્રતા ૫.૩ જણાવવામાં આવી હતી. ત્યારે મેઘાલય અને પશ્ચિમ બંગાળના કેટલાક ભાગોમાં આંચકા અનુભવાયા છે. મેઘાલયમાં બુધવારે સવારે લગભગ ૮.૪૫ વાગે ૫.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. ત્યારે દાર્જીલિંગ અને કુચ બિહાર સહિત ઉત્તર બંગાળના કેટલાક ભાગોમાં આંચકો અનુભવાયો હતો.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એલ. એમ. બારીઆ

મુ. ધામણોદ, તા. શહેરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વાડી દૂધ ઉત્પાદક સ.મં.લી.

મુ. વાડી, તા. શહેરા

## વિરોધી અવાજ દબાવવા માટે આતંક વિરોધી કાયદાનો ઉપયોગ કરી શકાય નહીં

ન્યુ દિલ્હી,

સુપ્રીમ કોર્ટના જજ જસ્ટિસ ધનંજય યશવંત ચંદ્રચૂડે કહ્યુ છે કે, વિરોધી અવાજ દબાવવા માટે આતંકવાદ વિરોધી કાયદાનો ઉપયોગ કરી શકાય નહીં. અમેરિકા અને ભારત વચ્ચે કાયદાકીય સંબંધો પરના એક કાર્યક્રમ દરમિયાન જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યુ હતું કે, આતંકવાદ વિરોધી કાયદા સહિત ગુનાહિત કાયદાને નાગરિકોના અસંતોષ અથવા અવાજ દબાવવા માટે દુરૂપયોગ કરી શકાય નહીં. મેં અર્ણબ વિરુદ્ધ રાજ્યમાં પોતાના નિર્ણયમાં તેનો ઉલ્લેખ કર્યો હતો કે, આપણી કોર્ટેએ આ નક્કી કરવાનું છે કે, નાગરિકોની આઝાદી માટે તે પ્રથમ પંક્તિ બની રહે.



તેમણે કહ્યુ હતું કે, એક દિવસ માટે પણ આઝાદીથી વંચિત રાખવા એકદમ ખોટુ છે. આપણે હંમેશા આપણા નિર્ણયોની ઉંડાઈમાં વસેલા સિસ્ટમેટિક ઈશ્યૂઝ વિશે સતર્ક રહેવુ જોઈએ. તેઓ આવુ ભારત-અમેરિકા કાયદા સંબંધો પર બોલી રહ્યા હતા. જસ્ટિસ ચંદ્રચૂડની આ ટિપ્પણી ફાદર સ્ટેન સ્વામીની ધરપકડ બાદ હત્યા થઈ ત્યાર બાદ આવી છે. સ્વામીના નિધન બાદ અલગ અલગ માનવાધિકાર સંગઠનોએ સરકાર અને ન્યાયિત સિસ્ટમ પર સવાલ ઉભા કર્યા હતા. આ મામલે વિદેશ મંત્રાલયે પણ સ્પષ્ટીકરણ જાહેર કર્યુ હતું.

સંબોધન દરમિયાન જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યુ હતું કે, ભારત, સૌથી જૂનૂ અને સૌથી મોટુ લોકતંત્ર હોવાના નાતે, બહુસાંસ્કૃતિક, બહુલવાદી સમાજના આદર્શોનું પ્રતિનિધિત્વ કરે છે. સંવિદાન માનવ અધિકારો માટે પ્રતિબદ્ધ છે. જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યુ હતું કે, ભારત અને અમેરિકામાં સુપ્રીમ કોર્ટને શક્તિશાળી કોર્ટ તરીકે ઓળખવામાં આવે છે.

તેમણે કહ્યુ હતું કે, અમેરિકાએ ભારતીય સંવિધાનના હ્રદય અને આત્મામાં યોગદાન આપ્યુ છે. જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યુ કે, સમલૈંગિક સંબંધો અપરાધની શ્રેણીમાંથી બહાર કરવાનો નિર્ણય તેમણે અમેરિકાની સુપ્રીમ કોર્ટ લેરન્સ વર્સેઝ ટેક્સાસના નિર્ણય પર આપ્યો હતો.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# લુણાવાડા ખાતે ધારાસભ્યની પ્રેરક ઉપસ્થિતિમાં યુ વીન કાર્ડ અને ઈ નિર્માણ કાર્ડ જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

લુણાવાડા,
રાજય સરકારના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા શ્રમયોગીઓ માટે યુ વીન કાર્ડ અને ઈ નિર્માણ કાર્ડની યોજના અમલમાં મૂકવામાં આવી છે. આની શ્રમયોગીઓને જાણકારી મળે તે હેતુથી મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે તાજેતરમાં હુસેની ચોક, વ્હોરા જમાત ખાના ખાતે શ્રમયોગીઓ માટે યુ વીન કાર્ડ અને ઈ નિર્માણ કાર્ડ અંગેનો ધારાસભ્ય જીજ્ઞેશભાઈ સેવકની પ્રેરક ઉપસ્થિતિમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજાઈ ગયો.

આ પ્રસંગે ધારાસભ્ય જીજ્ઞેશભાઈ સેવકએ આ કાર્ડની મદદની અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓ વાત્સલ્ય યોજના, અકસ્માત વીમા યોજના, સ્વાસ્થ્ય વીમા યોજના જેવી વિવિધ પ્રકારની સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવી શકશે તેમ જણાવ્યું હતું.

આ કાર્ડ સુથારકામ, દરજીકામ, હાથલારી ચલાવતા મજૂરો, વાયરમેન, પાથરણાવાળા, કલરકામ જેવી અનેક છૂટક મજૂરી કરતા હોય તેઓને તેમજ બાંધકામ ક્ષેત્રના શ્રમયોગીઓને અકસ્માત, ગંભીર બિમારીઓ, બાળકોના શિક્ષણ માટે, વિવિધ તાલીમ માટે તેમજ કાનૂની સહાય માટે ખૂબ જ ઉપયોગી હોવાનું જણાવી આ કાર્ડ લેવા માટે લાભાર્થીએ આધારા-પુરાવા સાથે નજીકના સીએસસી સેન્ટરનો સંપર્ક કરવા કહ્યું હતું.

આ જનજાગૃતિ કાર્યક્રમનો મુખ્ય હેતુ આ યોજનાની માહિતી લાભાર્થીઓ સુધી પહોંચે અને તેનો લાભ લેવા તેઓ પ્રેરાય તે માટેનો હતો.

આ જનજાગૃતિ દરમિયાન ધારાસભ્ય જીજ્ઞેશભાઈ સેવકના હસ્તે આ વિસ્તારમાં ૧૬૦થી વધુ યુ વીન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અત્રે નોંધનીય છે કે, જિલ્લામાં અત્યારસુધીમાં ૨૫૦ સીએસસી સેન્ટર દ્વારા ચાર હજારથી વધુ લાભાર્થીઓને આ કાર્ડ વિતરણ કરી દેવામાં આવ્યા છે.

આ કાર્ડ પ્રાપ્ત કરનાર લાભાર્થીઓએ સરકારનો આભાર વ્યકત કર્યો હતો. આ જનજાગૃતિ કાર્યક્રમમાં જિલ્લા અગ્રણી પ્રદીપસિંહ રાઠોડ, શહેર અગ્રણી મિહિર શાહ, પ્રદેશ ભાજપ લઘુમતી મોરચા સહ કાર્યાલય મંત્રી રિયાઝ શેખ, વ્હોરા સમાજ અને મુસ્લિમ સમાજના અગ્રણીઓ તેમજ સીએસસી સેન્ટરના મેનેજર ફૈઝલ ખાતુડા ઉપસ્થિત રહ્યા હતા.

# લુણાવાડા ના વિરણીયા તથા ઝોઝરી ગામે આયુર્વેદ વન વિકસાવાયું



લુણાવાડા,
લુણાવાડા વિરણીયા તેમજ નાની ઝાઝારી તેમજ મુકામે સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ મહીસાગર દ્વારા સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડના સહવાલી પ્રોફેસર હર્ષ દવે, જીલ્લા સહ સંયોજક પ્રવીણભાઈ પટેલ, તાલુકા સંયોજક દિલીપભાઈ પટેલ, વિવેકાનંદ કેન્દ્ર પ્રમુખ દિલીપભાઈ બારીયાની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરાયું. આ સાથે આર્યુવેદ વન વિકસાવવા વિવિધ આર્યુવેદના છોડો વાવ્યા અને યુવા બોર્ડના સહવાલી પ્રોફેસર હર્ષ દવે, સહ સંયોજક પ્રવીણભાઈ, ગામના આગેવાન તાલુકાના સંયોજક વિક્રમસિંહ, દિલીપભાઈ ચૌધરી, દ્વારા મહાદેવના મંદિરની સાફ સફાઈ પણ કરવામાં આવી. આ કાર્યક્રમમાં યુવા કેન્દ્રના પ્રમુખ ગોપાલભાઈ, મનોજભાઈ અને ગામના યુવાનો મોટી સંખ્યામાં ભાગ લઈ મંદિર સ્વચ્છ કરીને આશીર્વાદ લીધા. વિશ્વની શ્રેષ્ઠ ભારતીય આયુર્વેદ સંસ્કૃતિને ઉજાગર કરવા ઔષધીય વૃક્ષો વાવવાનું આહવાન કરતા પ્રો. હર્ષદેવ ગુજરાત પ્રદેશ યુવા બોર્ડ.

# મહિસાગર જીલ્લાના લુણાવાડા પંથકમાં ધોધમાર વરસાદ





તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
મહિસાગર જીલ્લાના લુણાવાડા પંથકમાં કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. સાથે વરસાદને લઈ ખેડુતોમાં આનંદ જોવા મળ્યો. આજરોજ મોડી સાંજે મહિસાગરના લુણાવાડા પંથકમાં કાળા ડીંબાગ વાદળો સાથે વરસાદી માહોલ સર્જાયો હતો અને ધોધમાર કડાકા-ભડાકા સાથે મેઘરાજા એ એન્ટ્રી કરતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. લાંબા વિરામ બાદ મેઘરાજા એ ધમાકેદાર બેટીંગ કરતા લુણાવાડામાં નગર પાલિકા કચેરીમાં પાણી ભરાયા હતા. મેઘરાજા એ મહેર કરતાં ખેડુતો એ રાહતનો શ્વાસ લીધો છે.

# દિવ્યાંગ વ્યકિતઓના જીવનમાં આત્મનિર્ભરતાનો પ્રકાશ પાથરતી દાહોદની બ્લાઈંડ વેલફેર કાઉન્સીલ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
સામાન્ય રીતે આપણા મનમાં એવો ખ્યાલ હોય છે કે મેન્ટલી ચેલેન્જડ વ્યકિત આર્થિક ઉપરાંત બીજી ઘણી બાબતોમાં સંપૂર્ણ રીતે બીજા પર આધારિત હોય છે પરંતુ દાહોદની બ્લાઈંડ વેલફેર સંસ્થાએ મેન્ટલી ચેલેન્જડ સહિત પજ્ઞાચક્ષુ કે અન્ય રીતે દિવ્યાંગ વ્યકિતઓને વ્યવસાયિક તાલીમ આપી સ્વનિર્ભર બનાવ્યા છે અને તેઓને વ્યવસાયિક કૌશલ્ય દ્વારા ઉત્પાદક પ્રવૃતિઓમાં જોડયા છે. સંસ્થાએ ઘણા ભારે સંઘર્ષરત દિવ્યાંગોના જીવનને નવી દિશા આપી છે.

દાહોદ નગરમાં આવેલી બ્લાઈંડ વેલફેર સંસ્થા ખાતે વિવિધ રીતે દિવ્યાંગ વ્યકિતઓ દ્વારા જ પેપર ડીશ મેકીંગ યુનિટ ચલાવવામાં આવે છે. અહીં કામ કરતાં ૧૦ જેટલાં મેન્ટલી ચેલેન્જડ વ્યક્તિઓ, પજ્ઞાચક્ષુ તેમજ દિવ્યાંગ વ્યકિતઓ દ્વારા રોજની ૨૦૦૦ જેટલી ડિશોનું રોજ ઉત્પાદન કરવામાં આવે છે અને દિવસના હજાર રૂપીયાથી વધુનો નફો કરવામાં આવે છે. તેઓ સીધા ગ્રાહકોને જ આ ડિશનું વેચાણ કરે છે. જેનું સરસ ગુણવત્તા અને વાજબી ભાવને કારણે તેની સારી માંગ રહે છે. કાચો માલ લાવવાથી લઈને વેચાણ સુધીના તમામ કામ દિવ્યાંગ વ્યક્તિઓ દ્વારા જાતે જ કરવામાં આવે છે.

આ પેપર ડીશ મેકીંગ યુનિટમાં કામ કરતાં દિવ્યાંગ વ્યક્તિઓએ જીવનમાં ભારે સંઘર્ષ કર્યો છે અને સંસ્થાની મદદથી આજે તેઓ પગભર બન્યાં છે. છેલ્લા પંદર વર્ષથી અહીં કામ કરતો મેન્ટલી ચેલેન્જડ હાતિમ સાકિરભાઈ અનાથ અવસ્થામાં ભટકતું જીવન જીવી રહ્યો હતો ત્યારે આ સંસ્થા દ્વારા તેને અહીં લાવવામાં આવ્યો અને રોજિંદા જીવનનાં સામાન્ય કામકાજ શીખવામાં આવ્યું. ઉપરાંત શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી. હાતિમ અહીં પેપર ડીશ મેકીંગની શરૂઆતથી લઈને પેકિંગ સુધીની તમામ કામગીરી ધીરે ધીરે શીખી લીધી અને અહીં રહીને જ કામ કરી રહ્યો છે. દિવ્યાંગો માટેની રાજય કક્ષાની ઓલમ્પિક્સમાં તેણે ટેબલ ટેનિશમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં પણ તેણે ભાગ લીધો છે.

આ યુનિટ ખાતે કામ કરતો રાજુ મગનભાઈ પણ છેલ્લા પંદરેક વર્ષથી અહીં કામ કરી રહ્યો છે. તે પણ મેન્ટલી ચેલેન્જડ છે. આ ઉપરાંત અસ્થિવિષયક ખામી અને લો-વિઝન ધરાવે છે. રાજુને પણ રોજિંદી પ્રવૃતિઓ કરવી પણ મૂશ્કેલ હતી. સંસ્થામાં જ તે દૈનિક પ્રવૃતિ સરળતાથી કરતો થયો અને અત્યારે આ ડીશ મેકિંગ યુનિટમાં સક્રિય રીતે કામગીરી કરી રહ્યો છે.

ડીશ મેકિંગ યુનિટમાં કામ કરતો હોજેફા લીમખેડાવાલા મેન્ટલી ચેલેન્જડ હોવા ઉપરાંત રેટીનીસ પિગમેન્ટોસાની ગંભીર બિમારી ધરાવે છે. જેમાં ધીરે ધીરે વ્યક્તિની આખોનું વિઝન નબળું થતું જાય છે. હોજેફા અહીં જોડાયો ત્યારે તેની દષ્ટી ક્ષમતા ૫૦ ટકા હતી. જે હવે ૧૦ ટકાથી પણ ઓછી થઈ ગઈ છે. હોજેફા અહીં ડીશ પ્રેસિગનું કામ કરે છે.

સંસ્થાના સંચાલક યુસુફી કાપડીયા જણાવે છે કે, મેન્ટલી ચેલેન્જડ વ્યક્તિ સ્લો લર્નર હોય છે. તેમને તાલીમ આપવામાં આવે તો ધીરે ધીરે તેઓ વ્યવસાયિક કૌશલ્ય પણ હાંસલ કરી લે છે. અમારી સંસ્થા દ્વારા દિવ્યાંગોને ડેટા એન્ટ્રી, સ્કીન પ્રિન્ટીંગ તથા ઓફસેટ પ્રિન્ટીંગ, સુથારીકામ, ફાઈલ મેકીંગ સહિતનાં કામો શીખવામાં આવે છે. અહીંના પેપર મેકિંગ યુનિટ ખાતે અત્યાર સુધીમાં ૨૦ દિવ્યાંગોએ તાલીમ લીધી છે. જેમાં પાંચ જણાએ પોતાના યુનિટ પણ ચાલુ કર્યા છે. જેમાં એક પજ્ઞાચક્ષુ અને એક મેન્ટલી ચેલેન્જડ વ્યક્તિનો પણ સમાવેશ થાય છે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજાનારી વિવિધ પરીક્ષાને પગલે કેન્દ્ર આસપાસ પ્રવેશ ઉપર પ્રતિબંધ

દાહોદ,
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૫ જુલાઈ થી ૨૮ જુલાઈ સુધી રોજ લેવાનારી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ નાં રીપીટર વિદ્યાર્થીઓની પરીક્ષાઓને પગલે દાહોદના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા બે જાહેરનામા પ્રસિદ્ધ કરી કેટલાક પ્રતિબંધક આદેશો જારી કરવામાં આવ્યા છે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એ. બી. પાંડોર દ્વારા એવા પ્રકારનો આદેશ જારી કરવામાં આવ્યો છે કે, ઉક્ત તારીખોમાં લેવાનારી પરીક્ષાઓ જે કેન્દ્ર ઉપર લેવામાં આવનાર છે, તેની આસપાસની સો મીટર વિસ્તારમાં પરીક્ષાના સમય પૂર્વે અડધી કલાક અને પૂર્ણ થયા બાદના એક કલાક સુધી, એટલે કે સવારના ૯ વાગ્યાથી સાંજના ૧૯ વાગ્યા સુધી બિનઅધિકૃત વ્યક્તિએ પ્રવેશ કરવો નહી કે એકત્ર થવું નહીં. પરીક્ષા કેન્દ્રના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈએ પ્રવેશ કરવો નહીં. પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારના વાજિંત્ર વગાડી શકાશે નહીં. બીજા જાહેરનામામાં પરીક્ષા કેન્દ્રો પાસે ત્રણ કિલોમીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્સ, કોપીયર મશીન ઉક્ત સમય દરમ્યાન રોજ સવારના નવ વાગ્યાથી સાંજના ૧૯ વાગ્યા સુધી બંધ રાખવા માટે આદેશ કરવામાં આવ્યો છે. ઉપરાંત પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થીઓ મોબાઈલ ફોન વગેરે પ્રત્યાંચનના સાધનો લાવી શકશે નહી. પરીક્ષા આપતાં વિદ્યાર્થીઓએ પ્રશ્નપત્રને લગતું કોઈ પણ સાહિત્ય કે ઈલેક્ટ્રોનિક્સ સાધનો (સાદા કેલ્કયુલેટર સિવાય) લઈ જઈ શકશે નહી.

# અમદાવાદ-ઈન્દોર નેશનલ હાઈવે ઉપર બાલાસીનોર બાયપાસના વડદલા-હાંડીયા સુધીનો માર્ગ બિસ્માર બનતા વાહન ચાલકો પરેશાન



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

બાલાસીનોર,
ચોમાસાની સીજનના વરસાદ સાથે અમદાવાદ-ઈન્દોર નેશનલ હાઈવે હાલતમાં જોવા મળી રહ્યો છે. બાલાસીનોર બાયપાસ થી વડદલા થી હાંડીયા સુધીના માર્ગ ઉપર મોટામસ ખાડાઓને લઈ અવાર-નવાર અકસ્માતના બનાવો બની રહ્યા છે.

અમદાવાદ-ઈન્દોરને જોડતા નેશનલ હાઈવે રોડ ઉપર પસાર થવા માટે મોટો ટોલ ટેકસ ઉઘરાવવામાં આવી રહ્યો છે. પરંતુ આ નેશનલ હાઈવે રોડ ઉપર ચોમાસાની સીજનના વરસાદની શરૂઆત સાથે મોટામસ ખાડાઓ પડેલ જોવા મળી રહ્યા છે. બાલાસીનોર બાયપાસ રોડ પર વડદલા થી હાંડીયા સુધીના રસ્તા ઉપર ઠેરઠેર મસમોટા ખાડાઓ પડી ગયેલ છે. જેને લઈ રોડ ખખડધજ બન્યો છે. જેને લઈ અવારનવાર અકસ્માત સર્જાય છે અને અકસ્માતોમાં કેટલાય લોકોએ જીવ ગુમાવ્યા છે. નેશનલ હાઈવે ખખડધજ બનતા અકસ્માતની ઘટના બનતી હોય છે. તેમ છતાં રોડની મરામત માટે નેશનલ હાઈવે ઓથોરટી દ્વારા નિરીક્ષણ કરવામાં આવતું નથી. અમદાવાદ-ઈન્દોર નેશનલ હાઈવે ઓથોરેટી દ્વારા વાહન ચાલકો પાસેથી મોટો ટોલ ટેકસ ઉઘરાવવામાં આવે છે. તેમ છતાં સારા રસ્તાની સુવિધા આપવામાં નિષ્ફળ રહેલ છે. જેને લઈ સ્થાનિક રહિશો સહીત વાહન ચાલકો દ્વારા રસ્તાની મરામત માટે ઉગ્ર માંગ કરવામાં આવી છે.

# દે.બારીઆના ઉચવાણ ગામે પરણિતા પ્રેમી સાથે ભાગી જતાં પતિએ અન્ય ઈસમો સાથે ગાડીમાં આવી પ્રેમી અને પત્નીનું અપહરણ કરતાં ફરિયાદ

દે.બારીઆ,
દેવગઢ બારીઆ તાલુકાના ઉચવાણ ગામે એક પરણિતા એક યુવક સાથે ભાગી ગયાં બાદ તેના પ્રથમ પતિ તથા તેની સાથે અન્ય છ થી સાત ઈસમોના ટોળાએ ફોર વ્હીલર ગાડીમાં સવાર થઈ આવ્યાં હતાં અને પરણિતા તથા તેના પ્રેમની ગાડીમાં બેસાડી અપહરણ કરી લઈ નાસી જઈ ગડદાપાટ્ટુનો માર મારી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

ગત તા.૧૨મી જુલાઈના રોજ દેવગઢ બારીઆ તાલુકાના કોચડા ગામે રહેતો મહેશભાઈ શનાભાઈ પટેલની પત્નિ મનિષાબેન ઉચવાણ ગામે રહેતાં દિલીપભાઈ તેરસીંઘબાઈ પટેલ સાથે ભાગી ગઈ હતી. આ મામલે પરણિતાનો પહેલો પતિ મહેશભાઈ શનાભાઈ પટેલ તેની સાથે રાકેશભાઈ ભારતભાઈ પટેલ તથા તેમની સાથે બીજા છ થી સાત ઈસમોએ ગેરકાયદે મંડળી બનાવી એક પીકઅપ ડાલા ગાડીમાં સવાર થઈ આવ્યાં હતાં અને મનીષાબેન તથા દિલીપભાઈને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તે મારા ઉપર ખાધા ખોરાકીનો દાવો કરેલ હોય અને તેની મારે કોર્ટમાં મુદતો આવતી હોય, તું મુદતે હાજર કેમ રહેતી નથી, તેમ કહી દિલીપભાઈ તથા મનિષાબેનન જબરજસ્તીથી પીકઅપ ડાલામાં બેસાડી અપહરણ કરી લઈ ગયાં હતાં અને બંન્નેને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે દિલીપભાઈના ભાઈ કમલેશભાઈ તેરસીંગભાઈ પટેલે દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા લશ્કરી ભરતી મેળો- ૨૦૨૧

# પંચમહાલ જિલ્લાના ઉમેદવારો માટે વિનામૂલ્યે નિવાસી તાલીમનું આયોજન, ઓનલાઈન અરજી કરવી

ગોધરા,
ગોધરા ખાતે આગામી ઓગષ્ટ-૨૦૨૧માં યોજાનાર લશ્કરી ભરતી મેળામાં ભાગ લેવા ઈચ્છુક પંચમહાલ જિલ્લાના ઉમેદવારો માટે ભરતી પૂર્વે એક નિવાસી તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. સંભવિતપણે ૧૭/૦૭/૨૦૨૧થી આ તાલીમ વર્ગ શરૂ કરવામાં આવશે. આ ભરતીમાં ભાગ લેવા ઓનલાઈન અરજી કરનારા ઉમેદવારોને આ તાલીમ સાથે રહેવા અને જમવાની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ તાલીમ માટે ૧૭.૫ થી ૨૦ વર્ષની ઉંમર, અંગ્રેજી વિષય સાથે ધોરણ-૧૦માં ૪૫ ટકાથી વધુ ગુણ હોવા સાથે ૧૬૦૦ મીટરની દોડ ૦૬ મિનિટમાં પૂર્ણ કરવી ફરજિયાત છે. આ ઉપરાંત, ૧૬૮ સેમી કે તેથી વધુ ઉંચાઈ (એસટી ઉમેદવારો માટે ૧૬૨ સેમી કે તેથી વધુ), વજન ૫૦ કિગ્રાથી વધુ અને છાતીનું માપ ૭૭ થી ૮૨ સેમી હોય તેવા અપરણિત પુરૂષ ઉમેદવારો તા.૧૨/૦૭/૨૦૨૧થી તા.૧૪/૦૭/૨૦૨૧ સુધીમાં કચેરી સમય દરમિયાન પાસપોર્ટ ફોટા, એલ.સી., માર્કશીટ, જાતિનો દાખલો, ડોમિસાઈલ પ્રમાણપત્ર, બેંક પાસબુક, આધારકાર્ડ અને આર્મી ભરતી માટે કરેલ ઓનલાઈન અરજીની પ્રિન્ટ તેમજ રોજગાર કચેરીની રજિસ્ટ્રેશન પ્રિન્ટ સાથે નિયત નમૂનામાં આ તમામ ડોક્યુમેન્ટની પીડીએફ ફાઈલ બનાવી rojgargodhragmail.com પર મોકલી આપવાની રહેશે. અરજીનો નમૂનો મેળવવા માટે રોજગાર કચેરીના ફેસબુક એકાઉન્ટ model career center godhra પરથી ડાઉનલોડ કરવા તેમજ હેલ્પલાઈન નંબર ૦૨૬૭૨ ૨૪૧૪૦૫/ ૬૩૫૭ ૩૯૦૩૯૦ પર સંપર્ક કરવા જિલ્લા રોજગાર અધિકારીની એક અખબારીયાદીમાં જણાવાયું છે.

# લીમખેડા મામલતદાર કચેરીમાં ૧૨ લાખના ખર્ચે મોડેલ જનસેવા કેન્દ્ર તૈયાર કરવામાં ભ્રષ્ટાચારની આશંકા

લીમખેડા,
લીમખેડા મામલતદાર કચેરીમાં એક રૂમમાં ૧૨ લાખનો ખર્ચ બતાવી મોડેલ જનસેવા કેન્દ્ર તૈયાર કરવામાં આવતા ભ્રષ્ટાચાર થયાની આશંકા વ્યકત થતાં જિલ્લા કલેકટરે લીમખેડા પ્રાંત અધિકારીને તપાસ સોંપતા ફફડાટ ફેલાવા પામ્યો હતો.

લીમખેડા મામલતદાર કચેરીમાં કાર્યરત જનસેવા કેન્દ્રમાં સંપુર્ણ સુવિધાઓથી સજ્જ મોડલ જનસેવા કેન્દ્ર બનાવવા માટે રૂ.૧૨ લાખની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી હતી. લીમખેડા માર્ગ અને મકાન સ્ટેટ વિભાગના ના.કા.ઈ.દ્વારા આઠ મહિનાનો સમય વિતવા છતાં કામગીરી પુર્ણ કરવામાં નહિ આવતા મામલતદાર દ્વારા સુચનાઓ આપવામાં આવતા લીમખેડા માર્ગ અને મકાન સ્ટેટ વિભાગના ના.કા.ઈજનેર ફકત ખાના પુર્તિ કરવાના ઈરાદે મામલતદાર કચેરીમાં અંદાજતિ ચારથી પાંચ લાખનો ખર્ચ કરી રૂ.૧૨ લાખનો ખર્ચ બતાવતા મોડલ જનસેવા કેન્દ્રની કામગીરીમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનુ જણાતા જિલ્લા કલેકટર દ્વારા સમય યોજનામાં ભ્રષ્ટાચારની નિષ્પક્ષ અને પારદર્શક તટસ્થ તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો. જિલ્લા કલેકટર દ્વારા તપાસનો આદેશ થતાં જ લીમખેડાના આસિસ્ટન્ટ કલેકટર હરકતમાં આવ્યા હતા અને સમગ્ર પ્રકરણ મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. અને લીમખેડા મામલતદાર પાસે મોડેલ જનસેવા કેન્દ્ર બાબતે વિગતો મેળવી હતી. હાલ તો આસિસ્ટન્ટ કલેકટર સમગ્ર પ્રકરણ મામલે ઝીણવટભરી તપાસ ચલાવી રહ્યા હોવાનુ જાણવા મળ્યુ છે. ત્યારે હવે તપાસ પુર્ણ થયા બાદ લીમખેડા આસિસ્ટન્ટ કલેક્ટર દ્વારા જિલ્લા કલેકટરને તપાસણીનો વિસ્તૃત અહેવાલ મોકલવામાં આવશે તેવુ જાણવા મળી રહ્યુ છે.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૪-૦૭-૨૦૨૧, બુધવાર, અષાઢ સુદ-૪, સૂર્યોદય-૫-૩૨, સૂર્યાસ્ત-૭-૨૧, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્રઃ પૂર્વ ફાલ્ગુની

- શુભ ચોઘડીયા -
૬-૧૩ થી લાભ-અમૃત-૯-૩૩ સુધી, ૧૧-૧૩ થી શુભ-૧૨-૫૩ સુધી, ૧૬-૧૩ થી ચલ-લાભ-૧૯-૩૩ સુધી, ૨૦-૫૩ થી શુભ-અમૃત-ચલ,૨૪-૫૩ સુધી

- શુભ હોરા-
૬-૧૩ થી ૮-૨૬ સુધી,૯-૩૩ થી ૧૦-૩૯ સુધી,૧૨-૫૩ થી ૧૬-૧૩ સુધી,૧૭-૧૯ થી ૧૮-૨૬ સુધી

# દૈનિક રાશીફળ

તા.૧૪.૦૭.૨૦૨૧ બુધવાર

મેષ (અ.લ.ઈ.):- હવાઈ કિલ્લા રચવાથી તમને ફાયદો નહીં થાય. પરિવારના સભ્યોની અપેક્ષા પર પાર ઉતરવા માટે તમારે કશુંક કરવું જોઈએ. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે.

વૃષભ(બ.વ.ઉ.):- તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે.

મિથુન(ક.છ.ઘ.):- ધાર્મિક લાગણી ઊભી થશે અને તેનાથી તમે કોઈક સંતપુરૂષ પાસેથી દૈવી જ્ઞાન મેળવવા કોઈક ધાર્મિક સ્થળની મુલાકાત લેશો. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે.

કર્ક(ડ.હ.):- સ્વાસ્થ્યની દષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. પરિવારના સભ્યો તથા જીવનસાથી કેટલીક સમસ્યા સર્જશે.

સિંહ(મ.ટ.):- માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. તમે જો તમારા ભાગીદારોના મતને નજરઅંદાજ કરશો તો તેઓ ધીરજ ખોઈ બેસશે. તમારા મિત્ર સાથે બહાર જાવ ત્યારે સારી રીતે વર્તો.

કન્યા(પ.ઠ.ણ.):- તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે.

તુલા(ર.ત.):- તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. તમારી રચનાત્મક પ્રતિભાનો યોગ્ય ઉપયોગ લેવાશે તો તે ખૂબ જ આકષર્ષક સાબિત થશે. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે. પ્રેમમાં તમે નિરાશ થયા હશો પણ નાસીપાસ થશે નહીં કેમ કે પ્રેમીઓ ખૂબ જ અધીરા હોય છે.

વૃશ્ચિક(ન.ય.):- વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. નવું પારિવારિક સાહસ શરૂ કરવા માટે શુભ દિવસ. આ સાહસને સફળ બનાવવા માટે પરિવારના સભ્યની મદદ લો.

ધન(ભ.ધ.ફ.ઢ.):- બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દઢતા બક્ષશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે અને તમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂમંઝવણ તમને થશે.

મકર(ખ.જ.):- ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. સમય આવી ગયો છે જ્યારે તમારે તમારા વધતા વજન પર અંકુશ મુકીને સ્વાસ્થ પાછું મેળવવા કસરત પાછી શરૂ કરવી જોઈએ.

કુંભ(ગ.શ.સ.):- દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. જૂના મિત્રો સહકાર આપશે અને મદદરૂપ સાબિત થશે.

મીન(દ.ચ.ઝ.):- તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદમાં મહિલાનો જાહેરમાં ચીર હરણ : સોશિયલ મિડીયામાં વિડીયો વાયરલ થતાં પોલીસ ફરિયાદ


તસ્વીર : શૈલેષ ભુરીયા, ઝાલોદ

ધાનપુર,

ધાનપુરના ખજૂરીમાં પરણિત યુવતી પ્રેમી જોડે ભાગી જતા સાસરિયાઓ દ્વારા પરણિતા તેમજ તેના પ્રેમીને નગ્ન કરી ઢોર માર મારી વરઘોડો કાઢતાનો વિડિયો સોશિયલ મીડિયામાં થયો વાયરલ,૧૯. લોકો વિરૂદ્ધ ગુનો નોંધાયો.

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ખજુરી ગામનો ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં એક ૨૩ વર્ષીય પરિણીતા પોતાના પ્રેમી સાથે ભાગી જતા પરિણીતાના પતિ તેમજ તેના સાસરિયાઓ દ્વારા પરણિતા અને તેના પ્રેમની પકડી લાવી પરિણીતાને ગડદાપાટુનો મારમારી ખેંચતાણ કરી નગ્ન હાલતમાં ગામમાં પરિણીતાનો વરઘોડો કાઢતા આ બનાવનો સમગ્ર વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસ એક્શનમાં આવી હતી અને આ અંગે તલસ્પર્શી તપાસ હાથ ધરતા આ વિડીયો ખજૂરી ગામનો હોવાનું સામે આવ્યું હતું.આ બનાવ સંબંધે પરિણીતા દ્વારા પતિ તથા ૧૯ ઈસમોના ટોળા વિરૂદ્ધ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તમામની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

દાહોદ જિલ્લામાં માત્ર સ્ત્રી સશક્તિકરણનો મોટી મોટી વાતો થઈ હોય છે પરંતુ જિલ્લામાં હાલ પણ જુના રિતીરિવાજો અન કુરિવાજોને પગલે મહિલાઓને ત્રાસ સહન કરવો પડતો હોય છે. ભુતકાળમાં પણ દાહોદ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ ઉપર અત્યાચારના બનાવો સામે આવ્યાં હતાં ત્યારે આજના વધુ એક બનાવને પગલે દાહોદ જિલ્લામાં ચકચાર મચી જવા પામી હતી.

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના તાલુકામાં રહેતી એક ૨૩ વર્ષીય પરણિતા પોતાના પ્રેમી સાથે ભાગી ગઈ હતી. જેમાં આ મામલે ગત તા.૦૬ જુલાઈના રોજ પતિ તથા તેના સાસરીયાઓ અને ગામના લોકો દ્વારા આ અંગેની અદાવત રાખી પરણિતાનો પતિ તથા તેના સાસરી પક્ષના તેમજ તેના ગામના માણસોના ૧૯ જેટલા ટોળાએ પરણિતા અને તેના પ્રેમની પકડી લાવી ખજુરી ગામે લઈ આવ્યાં હતાં. ખજુરી ગામે લાવી પરણિતાને ગડદાપાટુનો માર મારી તેણીની ખેંચતાણ કરી કપડા ફાંડી નાંખ્યા હતાં. આ બાદ પરણિતાના ખભા ઉપર તેના પતિને બેસાડી તેનો ગામમાં વરઘોડો કાઢ્યો હતો. આ સમગ્ર ઘટનાનો વિડીયો સોશિયલ મીડીયામાં વાઈરલ થતાંની વેંત દાહોદ જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. એક્શનમાં આવેલ પોલીસે આ વિડીયોની તલસ્પર્શી તપાસ હાથ ધરતાં આ વિડીયો ધાનપુર તાલુકાના ખજુરી ગામનો હોવાનું માલુમ પડતાં પોલીસે ખજુરી ગામે પહોંચી ગઈ હતી અને અત્યાચારનો ભોગ બનેલ પરણિતાની સાથે પોલીસે મુલાકાત કરી ઉપરોક્ત સમગ્ર ઘટનાની જાણકારી પરણિતાએ પોલીસને આપી હતી. આ સંબંધે અત્યાચારનો ભોગ બનેલ પરણિતાએ તેના પતિ દિનેશભાઈ કાનીયાભાઈ મછાર, સાસરી પક્ષના અને ગામમાં રહેતાં અન્ય પપ્પુભાઈ કાનીયાભાઈ, ભરતભાઈ સવલાભાઈ, રાકેશભાઈ સવલાભાઈ, નવલસીંગ કસનાભાઈ, રમેશભાઈ ઉર્ફે નન્નભાઈ સનીયાભાઈ, મેહુલભાઈ સબુરભાઈ મછાર, સબીયાભાઈ દહરીયાભાઈ, સંજયભાઈ દિતીયાભાઈ, દિતીયાભાઈ નાનાભાઈ, મડીયાભાઈ દિતીયાભાઈ, નવરીયાભાઈ કસનાભાઈ મછાર, લક્ષ્મણભાઈ સબીયાભાઈ મછાર, રણજીતભાઈ આમલીયા, સબુરભાઈ નાનાભાઈ, અખીલભાઈ મડીયાભાઈ, મનીશભાઈ સબીયાભાઈ, વીનાભાઈ બદીયાભાઈ અને પાંઘળાભાઈ બદીયાભાઈ તમામ જાતે મછાર (તમામ રહેવાસી ખજુરી, તા.ધાનપુર, તા. જિલ્લો) વિરૂધ્ધ અત્યાચારનો ભોગ બનેલ પરણિતાએ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી પોલીસે ઉપરોક્ત ટોળાના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે. જાણવા મળ્યાં અનુસાર, આ બનાવમાં પોલીસે ઉપરોક્ત ટોળા પૈકી કેટલાંકની અટકાયત પણ કરી છે જ્યારે અન્યોના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# ફતેપુરા તાલુકાના બલૈયામાં સરકારી પડતર ગૌચર અને જાહેર સ્થળોના દબાણો દૂર કરવા ગ્રામજનો હડતાલ પર ઉતર્યા



ફતેપુરા,

ફતેપુરા તાલુકાના બલૈયા ગામે સરકારી જમીનો પર દબાણો કરી દેવાયા છે. જેને દૂર કરવા માટે મામલતદારને રજૂઆત કરી હતી.પરંતુ કોઈ યોગ્ય કાર્યવાહી ન કરાતા ગ્રામજનો હડતાલ પર ઉતર્યા હતા. જેમાં સરપંચ અને તલાટીએ દબાણો દૂર કરવા માટે કાર્યવાહી કરવાની બાંહેધરી આપતા હડતાલ સમેટાઇ હતી.

ફતેપુરા તાલુકાના બલૈયા ગામે સરકારી જમીનોમાં દબાણો કરી દેવાયા છે. સરકારી પડતર,ગોચર, ખરાબાની જમીનો પર છેલ્લા કેટલાય વર્ષોથી દબાણો કરી દેવાયા છે.તેમજ કેટલીક જગ્યાએ રસ્તો બંધ કરી ખેડાણ કરી દેવાયું છે.જે બાબતે ગ્રામજનો દ્વારા મામલતદારને આવેદનપત્ર આપી વહેલી તકે દબાણો ખુલ્લા કરવા રજૂઆત કરાઇ હતી. બલૈયા ગામે સામુહિક આરોગ્ય કેન્દ્ર મંજુર થયાને ત્રણ વર્ષ ઉપરાંતનો સમય થઈ ગયો છે. છતાં દબાણની જમીન ખુલ્લી કરવામાં આવતી નથી. અને નવીન હોસ્પિટલનુ બાંધકામ પણ શરૂ કરવામાં આવતું નથી.સરકારી જમીન પર રસ્તો બંધ કરી ખેડાણ કરી દેવાયો હોવાની બાબતે સોમવારના રોજ ગ્રામજનો હડતાલ પર ઉતર્યા હતા.જેમાં સરપંચ અને તલાટીએ સરકારી નિયમ મુજબ માપણી કરાવી કાર્યવાહી કરવાની બાંહેધરી આપતા આંદોલન સમેટાયું હતું.

- સરપંચ અને તલાટીએ દબાણો દૂર કરવાની બાંહેધરી આપતા હડતાલ સમેટાઈ.
- હડતાળમાં નાના બાળકો પણ જોડાતા આશ્ચર્ય.

સરકારી જમીનના સરવે નંબર બદલાઈ ગયા છે. જેથી મામલતદાર માંથી યાદી કરાવીને માપણી મંગાવીએ છીએ અને માપણી બાદ દબાણો હશે તો દૂર કરવામાં આવશે. હાલમાં ગ્રામજનો હડતાલ પર ઉતર્યા હતા.જેઓને કાર્યવાહી કરવાની બાંહેધરી આપતા હડતાલ સમેટાઈ છે.
**કે. આર. પંચાલ (તલાટી બલૈયા ગ્રામ પંચાયત)**

બલૈયામાં સરકારી જમીનો પરના દબાણો દૂર કરવા માટે અમોએ મામલતદારને આવેદનપત્ર આપ્યું છે. છતાં તેઓ દ્વારા કોઈ કાર્યવાહી ન કરાતા સોમવારે અમો હડતાલ પર ઉતર્યા હતા.જેમાં તલાટી અને સરપંચે કાર્યવાહી કરવાની બાંહેધરી આપતા અમોએ હડતાલ સમેટી હતી.
**અજય ડામોર (ગ્રામજન)**

# દાહોદ શહેરમાં અલગ-અલગ જગ્યાએ બે મહિલાઓએ આત્મહત્યા કરતાં ચકચાર

દાહોદ,

દાહોદ શહેરમાં ગતરોજ બે જુદી જુદી જગ્યાએ એક મહિલા સહિત બે જણાએ અગમ્યકારણોસર પોતાના ઘરે આત્મહત્યા કરી લેતાં પંથકમાં એકજ દિવસમાં બે આત્મહત્યાના બનાવોને પગલે ખળભળાટ મચી જવા પામ્યો છે. ત્યારે બીજી તરફ આ બંન્ને આત્મહત્યાના બનાવોને પગલે અનેક શંકાકુશંકાઓ પણ વહેતી થવા માંડી છે.

આત્મહત્યાનો પ્રથમ બનાવ દાહોદ શહેરમાં આવેલ રામનગર રોડ ગોવિંદનગર ખાતે સમન્વય એપાર્ટમેન્ટમાં બનવા પામ્યો હતો જેમાં સાંજના ૦૬ વાગયાના આસપાસ આજ એપાર્ટમેન્ટમાં રહેતાં ૪૪ વર્ષીય અમીતકુમાર જયંતિભાઈ (દરજી) કાપડીયાએ પોતાના એપાર્ટમેન્ટવાળા મકાનમાં અગમ્યકારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં વિસ્તારમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. બનાવને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસે લાશનો કબજો મેળવી નજીકના દવાખાને પીએમ અર્થે રવાના કરી દીધી હતી. આ સંબંધે ધર્મેશ ચંદ્રકાંન્તભાઈ પરમાર (રહે. દરજી સોસાયટી, મંડાવાવ રોડ, દાહોદ) દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે જાણવા જોગ આપતાં આ સંબંધે દાહોદ શહેર પોલીસે સી.આર.પી.સી.કલમ મુજબ અકસ્માત મોતના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તપાસ હાથ ધરી છે.

આત્મહત્યાનો બીજો બનાવ પણ દાહોદ શહેરમાં બનવા પામ્યો હતો. જેમાં ૧૨મી જુલાઈના રોજ ૦૫ વાગ્યાના આસપાસ શહેરમાં આવેલ જલવિહાર સોસાયટી, તીર્થ કોમ્પલેક્ષના મકાન નંબર ૨૦૨માં રહેતાં ૩૮ વર્ષીય સોનાલીબેન વિનયકુમાર શાહે અગમ્યકારણઓસર પોતાના મકાનમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પરિવારમાં કરૂણાંતિકા છવાઈ ગઈ હતી. ઘટનાની જાણ આસપાસના લોકોને થતાં લોકો પણ મોટી સંખ્યામાં ઉમટી પડ્યાં હતાં. ઘટનાને પગલે દોડી ગયેલ પોલીસે મૃતકના મૃતદેહનો કબજો લઈ નજીકના દવાખાને પીએમ અર્થે રવાના કરી દેવામાં આવ્યો હતો. આ સંબંધે મૃતક સોનાલીબેનના પતિ વિનયકુમાર નલીનકાંન્ત શાહ દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે જાણવા જોગ આપતા આ સંબંધે દાહોદ શહેર પોલીસે સી.આર.પી.સી. કલમ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની ઘનિષ્ઠ તપાસ હાથ ધરી છે.

# સંજેલી ચામડિયા ફળિયામાં રોડના ખાડાઓ પુરવા શોષ ખાડા ખોદી આપવા પંચાયત તંત્રને TDO એ નિર્દેશ આપ્યા


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

સંજેલી ચામડી ફળિયા મા રહેણાંક મકાન માલીકો બેરોકટોક રોકટોક પાણી રોડ પર કાઢવા મંડ્યા હતા જેથી ગંદા પાણી રોડ પર ફરી વળતા અવર જવર કરતા વાહનો તેમજ લોકોને મુશ્કેલીનો સામનો જંતુજન્ય રોગો કે કોલેરા ફાટી નિકળે તેવી દહેશત. રોડ પરના ખાડા પુરવા તેમજ ઘરે ઘરે સોસખાડા બનાવવા TDO નો આદેશ.

સંજેલી ચામડીયા ફળિયાના સ્થાનિક રહીશો દ્વારા પોતાના મકાનના ગંદા પાણી રોડ પર કાઢતા મુખ્ય માર્ગ પર ગંદા પાણી તળાવની જેમ ભરાઈ જતાં લોકોને પડતી મુશ્કેલીને લઈને સમાચાર પ્રસિદ્ધ કરવામાં આવ્યાં હતાં જે બાદ આજે સોમવારના રોજ તાલુકા વિકાસ અધિકારી હરેશ મકવાણા દ્વારા સરપંચ કિરણ રાવત અને તલાટી વિજય રાઠોડને લઈ સ્થળની મુલાકાત લીધી હતી અને રોડ પર જ ગંદા પાણી ફરી વળતા તંત્ર પણ ચોંકી ઉઠ્યું હતું અને ઘરે ઘરે જઈ રોડ પર નીકળતું પાણી બંધ કરવા તેમજ પોતાના ઘરનાં પણ પોતાના જ ખાળકુવામાં જ પાણી પડવા માટે સુચના આપી હતી અને આ ફળિયામાં જેને ત્યાં ખાળકૂવાની વ્યવસ્થા ન હોય તેમને તાત્કાલીક પંચાયતના ખર્ચે શોષ ખાડા કરી આપવા તેમજ આ મુખ્ય માર્ગ પર ઢીંચણસમા પડી ગયેલા ખાડાઓ પણ તાત્કાલીક પુરવા સરપંચ તલાટીને આદેશ આપવામાં આવ્યો.

ફળિયામાં મોટાભાગના મકાન માલિકોને ત્યાં ખાળકૂવા હોવા છતા પણ પાણી રોડ પર જ નીકળતા હોય છે. લગભગ ૨૬ જેટલા મકાન મમાલિકોને નોટિસ પણ ફટકારવામાં આવી છે. જેથી પોતાનું પાણી જ્યાં સુધી ખાળકૂવામાં નહીં પાડે ત્યાં સુધી નળ કનેક્શન દ્વારા અપાતું પાણી પણ કાલથી બંધ કરવા આવશે.
**સંજેલી સરપંચ, કિરણ રાવત**

# સંજેલી હોળી ફળિયામાં ગેરકાયદેસર બાંધકામ અટકાવવા સીટી સર્વે દ્વારા માપણી ફી ભરવા નોટિસ ફટકારી



સંજેલી,

સંજેલી ખાતે હોળી ફળિયા વિસ્તારમાં એક માથાભારે યુવક દ્વારા પંચાયતની મંજુરી વિના જ ગેરકાયદેસર બાંધકામ કરાતા પંચાયત દ્વારા માપણી કરવાની નોટિસ ફટકારી તેમ છતા પણ ઘોળીને પી જનાર માથાભારે યુવકને સીટી સર્વે દ્વારા ગેરકાયદેસર થયેલા બાંધકામ ની માપણી ફી ભરવા નોટીસ ફટકારતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

સંજેલી ખાતે હોળી ફળિયામાં રહેતા બાબુભાઈ કચરાભાઈ ડબગર દ્વારા પોતાના રહેણાંક મકાન પાસે આવેલી ખુલ્લી જમીનમાં રોડ સાઈડ પર પંચાયતની મંજુરી કે જમીનની માપણી કર્યા વિના જ બાંધકામ શરૂ કર્યું હતું જેથી સ્થાનિકોને તેમજ ખેડુતોના ખેતરમાં અવરજવર થતી મુશ્કેલીને લઈને ગેરકાયદેસર બાંધકામ અટકાવી ખુલ્લું કરવા પંચાયતને જાણ કરી હતી.જે બાદ પંચાયત દ્વારા અવારનવાર છેલ્લા છ માસથી નોટિસો ફટકાર્યા સિવાય ની કામગીરી હાથ ન ધરાતા નારાજ ખેડૂતો તાલુકા વિકાસ અધિકારીના દ્વાર ખખડાવ્યાં હતાં જેથી તાલુકા વિકાસ અધિકારી એ સિટીસર્વે સુપ્રિટેન્ડન્ટને માપણી બાબતે જાણ કરવામાં આવતાં તારીખ છ જુલાઈને મંગળવારના રોજ હોળી ફળિયા વિસ્તારમાં માથાભારે યુવક બાબુભાઈ કચરાભાઈ ડબગર દ્વારા થયેલા ગેરકાયદેસર બાંધકામ અટકાવા સર્વે નંબર ૧૭૮ વાળી જમીનની દબાણની માપણી કરાવી કરાવવા માટે માપણી ફી ૩૦૦ ભરવા ભરવા માટે સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે.

# દાહોદ જીલ્લામાં ભરતસિંહ સોલંકીની હાજરીમાં કારોબારી મળી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિના નેજા હેઠળ દાહોદ તાલુકા/શહેર વિસ્તૃત કારોબારી સભા ગુરૂવાર ના રોજ સવારના ૧૦.૦૦ કલાકે પ્રસંગ પાર્ટી પ્લોટ (ટોપી) હોલ ખાતે યોજવામાં આવી હતી. આ મીટિંગ પછી દાહોદ જીલ્લા કોંગ્રેસ માયનોરીટી કમીટી તથા તાલુકા/શહેર માયનોરીટીના પ્રમુખોની મીટિંગ રાખવામાં આવી હતી. આ મીટિંગમાં દાહોદ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ હર્ષદભાઈ, દાહોદ જીલ્લા કોંગ્રેસ માઈનોરીટીના પ્રમુખ આસીફ સૈયદ યાસીન ચાંદા, સલીમભાઈ હોટલવાલા, કાઈદભાઈ ભેવાલા, ઈરફાનભાઈ, હયાતુલ્લાભાઈ, સાહીલ કાઝી તથા માયનોરીટીના હોદ્દેદારો તથા કાઉન્સિલર ઈસ્તીયાકભાઈ સૈયદ, તસ્લીમબેન નલાવાલા, સાબીરભાઈ શેખ હાજર રહયા હતા અને મીટિંગના મુખ્ય મહેમાન ભરતસિંહ સોલંકીને મોમેન્ટો આપી સ્વાગત કર્યુ હતું.

# દે.બારીઆના સરકારી હોસ્પિટલમાં ઓકસીજન પ્લાન્ટ કયારે નાખવમાં આવશે ?


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દે. બારીઆ સરકારી હોસ્પિટલ મૉડેલરૂપી તાલુકાનું એક અતિઆધુનિક ઉપકરણો ધરાવતું હોસ્પિટલ છે. હોસ્પિટલમાં ડાંકટરો તથા ટેકનીશીયનોની કમી હશે હાલમાં સો બેડ નવા સાથે નવા હોસ્પિટલનું કાર્ય શરૂ થશે. પાંચ-સાત વર્ષ થયા હશે આ નવું હોસ્પિટલની બિલ્ડીંગ ગતિશીલ અને સંવેદનશીલ સરકારની દેન છે. હાલમાં ઓપરેશન થાય છે પરંતુ સાત-આઠ હજાર રૂપીયાનો ચાંદલો કરવો પડે છે ? બીબીસી સમાચારના સુત્રો મુજબ પ્રધાનમંત્રી કેર ફંડમાં ૨૦૦ કરોડ ફાળવ્યા છે. જેમાંથી ૩૫ કરોડ થી વધુ પ્રધાનમંત્રી કેર ફંડનો ઉપયોગ થયો છે. બાકીના આરોગ્યમાં વાપરવાના છે. જેનો સદ્ઉપયોગ કરીને આપણા દે.બારીઆ તાલુકા માટે અને ખાસ કરીને સરકારી હોસ્પિટલના ઓકસીજન પ્લાન્ટ તથા વેન્ટીનેટરના માટે ફળવાય અને લાવવા માટે આપણા એમ.પી. લાવવા માટે ત્રીજી લહેર પહેલા પ્રયત્નો કરશે ?

અત્રે ઉલ્લેખનિય છે કે, પાણી પહેલા પાળ બાંધવી જોઈએ આપણા મોડેલરૂપી તાલુકા માટે શું ? આગોતરું આયોજન છે. તે આપણા લોકલાડીલા નેતાઓ બતાવશે ? તેમજ જીલ્લાના આરોગ્યના અધિકારીઓ દે.બારીઆ હોસ્પીટલ માટે શું આગોતરું આયોજન કરી રહ્યા છે ? તેવું આમ જનતા પૂછી રહી છે. દે.બારીઆ હોસ્પીટલમાં પાંચ થી સાત ગેસ બોટલ ના બેડ છે. તે કેટલું ઉચીત છે ? તેમજ જુના વોર્ડમાં શામાટે પેશન્ટોને ગોંધીં રાખવામાં આવે છે. નવા વોર્ડ ચાલુ થઈ ગયા છે. તેમજ નવી બિલ્ડીંગમાં બેડ પણ ખાલી હોય છે. તેમ છતાં જુના વોર્ડ ને બંધ કરવા તે જર્જરીત હાલતમાં છે. કોઈ મોટી દુર્ઘટના સર્જાયા બાદ બંધ કરાશે કે શું તેવું આમ ગરીબ જનતા પૂછી રહી છે.

# દાહોદ Zydus સિવિલમાં સાંસદએ કર્યુ કોરોના વોરિયર્સનું સન્માન



દાહોદ જિલ્લો ટ્રાઈબલ જિલ્લો છે અને દેશના વડાપ્રધાનની ખૂબ નિકટ આ જિલ્લો છે અને એટલે જ વડા પ્રધાન મોદીએ દાહોદમાં ppp મોડલ થઈ ણુમીત સિવિલની શરૂઆત કરી અને જેમાં Zydusના MD પંકજ પટેલનો પણ સિંહ ફાળો છે. દાહોદ જિલ્લામાં આટલી મોટી હોસ્પિટલ ઉભી કરી અને તેમાં વારાફરથી નવી નવી સુવિધાઓ જોડતી જાય છે. Zydus સિવિલમાં પહેલેથી X-ray, સિટી સ્કેન, RTPCR ટેસ્ટ, વેન્ટિલેટર વગેરે એકઝમીનેશન અને તેને લાગતી બીમારીઓ માટેની સુવિધાઓ ઉપલબ્ધ છે. અને જો કોરોના કાળના કપરા સમયમાં ણુમીત ન હોત તો દાહોદનો મૃત્યુઆંક કદાચ ખૂબ વધી જાત.

# માનગઢધામ ખાતે ચાલતા વિકાસ કામોની દાહોદ સાસંદ જસવંતસિંહ ભાભોર મુલાકાત લીધી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

આદિવાસી સમાજ નુ આસ્થાનુ કેન્દ્ર માનગઢધામની દાહોદ સાસંદ જસવંતસિંહ ભાભોર મુલાકાત લઈ માનગઢધામ ખાતે ચાલતા વિકાસ કામોની સમિક્ષા કરી સાસંદે જસવંતસિંહ ભાભોર પરિવાર સાથે પહોંચી ગરૂગોવિદની પ્રતિમાને પુષ્પ અપર્ણ કરી આરતી ઉતારી દર્શન કર્યા હતા. ગુજરાત સરકાર દ્વારા માનગઢધામ ના વિકાસ માટે અંદાજીત ૧૫ કરોડ જેટલી મંજુર કરાયેલ રકમ અંતર્ગત ચાલતા વિકાસ કામોમાં અત્યંત આધુનિક સરકીટ હાઉસ,એક હજાર લોકો એક સાથે હાજર રહી શકે તેવો હોલ, ડાયનીગ હોલ ગુરૂગોવિદનું જીવન ચરિત્ર રજુ કરતો પ્રદર્શન હોલ વ્યુ ગેલરી, નવિન બનેલ ભારત માતા મંદિરની મુલાકાત લઈ માનગઢધામ ખાતે હાલમાં થતા વિકાસ કામો નિહાળયા હતા. ફતેપુરા થી માનગઢધામને જોડતા તમામ માર્ગો ડબ્બલ ટ્રેક કરવા ગુજરાતના ડેપ્યુટી સી.એમ. નીતીનભાઈ પટેલને પત્ર લખીને નવિન માર્ગ બનાવવા જાણ કરી છે. સાસંદ દ્વારા માનગઢધામના સંપૂર્ણ વિકાસ માટે સંતરામપુરના ધારાસભ્ય કુબેરભાઈ ડીંડોર સાથે સમીક્ષા બેઠક કરી માનગઢધામ ખાતે એક ડુંગર પર થી બીજા ડુંગર પર લોકો જઈ શકે કુદરી સૌંદર્યનો લાભ લે વધારે ભકતો માનગઢધામ ખાતે આવે તે હેતુથી ઝુલતો પુલ બનાવવા માટે અધિકારીઓ પાસે સર્વે કામગીરી કરાવી રીપોર્ટ કરવા સાસંદે સંતરામપુર ધારાસભ્યને સુચના આપી છે.

# રાજસ્થાનના બનેલી ઘટનાનો વિરોધ કરી યુવાનને ન્યાય અપાવવા ભાજપા અનુસૂચિત જાતિ મોરચા દ્વારા આવેદન પત્ર આપવામાં આવ્યું



દાહોદ,

રાજસ્થાન રાજ્યના કાલાવાડા ખાતે અનુસૂચિત જાતિ પૈકી વાલ્મિકી સમાજના યુવાનોને કૃષ્ણ વાલ્મિકી ની સાગર કુરેશી અને તેને ગેંગના ગુંડાઓ દ્વારા બેરહમીથી માર મારી હત્યા નિપજાવવાનો બનાવ બન્યો હતો આ ઉપરાંત બનાવનો શાંતિપૂર્ણ વિરોધ કરી રહેલા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના કાર્યકરો ઉપર પણ લાઠીચાર્જ કરીને ત્યાંની કોગ્રેસ સરકાર દ્વારા ગંભીરરૂપમાં ઘાયલ કરવામાં આવ્યા છે. વાલ્મિકી સમાજના યુવાન કૃષ્ણાં વાલ્મિકીના હત્યાના બનાવના વિરોધમાં તા.૧૭/૦૭/૨૦૨૧ સંજેલી મામલતદાર કચેરી ખાતે સંજેલી તાલુકા ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 274

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લામાં આગ લાગવાની બે ઘટના : જાનહાની ટળી

## મોરવા(હ)ના કસનપુર ગામે મકાનમાં આગ લાગતાં દોડધામ મચી ફાયર ફાયટરો એ સ્થળ ઉપર પહોંચી આગ પર કાબુ મેળવ્યો


તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

મોરવા(હ),

મોરવા હડફ ના કસનપુર ગામના પટેલ ફળિયાના એક રહેણાંક મકાનમા આગ લાગતા અફરાતરફીનો માહોલ સર્જાયો હતો. ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોચીને આગને કાબુમાં લીધી હતી. આગના કારણે લીલો ઘાસચારો સહિત અન્ય નુકશાન થતા ઘરમાલિક ચિંતિત બન્યો હતો.

મોરવા હડફ તાલૂકાના કસનપુર ગામના પટેલ ફળીયામા રહેતા બારીયા ફતેસિંહ વેચાતભાઈના રહેણાંક નળિયાવાળા ઘરમાં અચાનક કોઈ કારણસર આગ લાગી હતી. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતાં ધુમાડાના ગોટેગોટા આકાશમાં જોવા મળતા આજુબાજુમાં રહેતા લોકો મદદે દોડી આવ્યા હતા.

બનેલ આગની ઘટનાની જાણ ગામના જાગૃત નાગરિક દ્વારા ફાયર ફાઈટરને કરવામાં આવી હતી. જોકે સ્થાનિક લોકો એ ફાયર ફાઈટર આવે તે પહેલા આગ ઓલવાની કોશિશ કરવામા આવી હતી. બનાવ સ્થળે ફાયર ફાઈટર આવી જતા પાણીનો મારો શરૂ કરવામા આવ્યો હતો. આગ લાગેલ ઘરમાં સૂકા ઘાસના પૂળા હોવાથી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હોવાથી ફાયર ફાઈટર ની ટીમે ભારે જહેમત બાદ આગ કાબુ લેતા સ્થાનિક લોકોને હાશકારો થયો હતો. રહેણાક મકાનમાં આગના કારણે ઘાસચારો સહિત અમુક ઘરવખરી બળીને ખાખ થઈ જતા ઘર માલિક અને તેમનો પરિવાર ચિંતિત થવા સાથે મળવાપાત્ર સહાય મળે તેવી આશા રાખી રહયા છે.રહેણાંક મકાનમાં કયા કારણોસર આગ લાગી તે જાણી શકાયુ નથી. ગ્રામ પંચાયતના તલાટી દ્વારા આગ લાગે સ્થળની મુલાકાત લેવા સાથે જરૂરી કાર્યવાહી હાથધરી હતી.

## કાલોલ નગર પાલિકાના વિસ્તારમાં આવેલ ઔદ્યોગિક એકમની એક કંપનીમાં વહેલી સવારે આગ ભભુકતા અફરાતફરી


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ નગર પાલિકા વિસ્તારમાં આવેલ ઔદ્યોગિક એકમો ધમધમી રહ્યા છે. આવી કંપનીઓ પૈકીની એક કંપનીના શેડમાં ૧૩ જુલાઈના રોજ વહેલી સવારે આગ ભભુકતા આસપાસના લોકોમાં અફરાતફડી મચી જવા પામી હતી.

કાલોલ નગર પાલિકા વિસ્તારમાં આવેલા ઔદ્યોગિક એકમોમાં ધમધમી ઊઠી રહેતા કંપનીના શેડમાંના એક શેડમાં ૧૩ જૂલાઈના રોજ વહેલી સવારે અચાનક આગ લાગતાં આસપાસના લોકોમાં હફરાતફરી મચી જવા પામી હતી.

કાલોલ ઔધોગિક એકમો માં ચાલી રહેલ એક કંપનીમાં રાસાયણિક પ્રક્રિયા કરી પેસ્ટીસાઈઝડ ની પ્રોડેક્ટ બનાવામાં આવતું હોવાની લોક ચચો જાણવાં મળી રહી છે. વહેલી સવારથી લાગેલી ભીષણ આગનાના કારણે દુર દુર સુધી ધુમાડાના ગોટાળો નજરે ચડચા હતા. અગમ્ય કારણોસર લાગેલ આગને વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આગનાં ગોટેગોટામાં અગ્નિના દ્રશ્યો પણ જોવા મળ્યાં હતાં.આગને જોતાં જ પ્રાથમિક તબક્કે આગને કાબૂમાં લેવા ની શક્યતા ન જણાતાં પાલિકા ફાયર બ્રિગેડ બોલાવી આગને કાબૂમાં લેવામાં આવી હતી. કંપનીમાં લાગેલ આગમાં કેટલું નુકસાન થયેલ છે. તે હજું સુધી ફરીયાદ ન થતાં અકબંધ હોવાનું જાણવા મળી રહ્યું છે. આ ભયાનક આગને જોઈને કાલોલ નગરના લોકો ઘટના સ્થળે દોડી ગયાં હતાં. તદુપરાંત આગનાં ગોટેગોટા નજરે ચડતાં આશ્ચર્ય જનક થઈ ગયાં હતાં.આવી ભયાનક આગથી આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી જવા પામી હતી.

## દાહોદ LCB પોલીસે અસાયડી પાસેથી ટ્રકમાં મગફળી અને કાજુના ફોતરા નીચે સંતાડી લઈ જવાતો ૧૧.૨૯ લાખનો દારૂ ઝડપ્યો



દે.બારીઆ,

દે.બારીઆ પોલીસ મથક વિસ્તારના અસાયડી ગામે દાહોદ એલસીબી પોલીસેન વાહન ચેકીંગ ડ્રાઈવર ચાલતી હતી. દરમ્યાન હાઈવે ઉપર થી મગફળી તેમજ કાજુના ફોતરાના થેલા નીચે સંતાડીને લઈ જવાતો ઈંગ્લીશ દારૂની પેટીઓ નંગ-૯૪૧ કિંમત ૧૧,૨૯,૨૦૦/-રૂપીયા તેમજ મોબાઈલ ટ્રક મળી ૧૬,૩૯,૨૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત માહિતી પ્રમાણે દાહદોદ એલસીબી પોલીસ દે.બારીઆ પોલીસ મથક વિસ્તારમાં અસાયડી પાસે પ્રોહિબીશન અને જુગાર ડ્રાઈવનું આયોજન કર્યું હતું અને અસાયડી પાસે વાહન ચેકીંગ હાથ ધર્યું હતુંઅને અસાયડી પાસે વાહન ચેકીંગ હાથ ધર્યું હતું. દરમ્યાન એલસીબી પોલીસ દાહોદને બાતમી મળી હતી કે, ટ્રક નંબર એમ.એચ.૧૨.એલટી.૪૯૫૨ જે પંચમહાલના ગોધરા તરફ થી દાહોદ તરફ આવી રહી છે. તેમાં ઈંગ્લીશ દારૂ લઈ જવામાં આવી રહ્યો છે. તેવી બાતમીના આધારે દાહોદ એલસીબી એ અન્નપૂર્ણા હોટલની સામે વોચ ગોઠવી હતી અને બાતમીવાળી ટ્રકને ઉભી રાખી તપાસ કરતાં ટ્રકમાં મગફળી અને કાજુના ફોતરાની નીચે સંતાડીને લઈ જવાતા ઈંગ્લીશ દારૂની ૯૪૧ પેટીઓ કિંમત ૧૧,૨૯,૨૦૦/-રૂપીયાના, મોબાઈલ ફોન નંગ-૨, મગફળી અને કાજુના ફોતરા ભરેલ થેલા નંગ-૪૮ અને ટ્રક મળી ૧૬,૩૯,૨૭૦/-રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે દારૂના જથ્થા સાથે રમેશભાઈ દાદભાઈ સકર રહે. ગણેશ નગર પાસે જી.અમદનગર, મહારાષ્ટ્ર, સચીન બાબુબભાઈ સાંઠે રહે.જવળા જી.અમદનગરને ઝડપી લેવામાં આવ્યા. બન્ને ઈસમો વિરૂદ્ધ પ્રોહિબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## શહેરાના સાલાવાડિયા પ્રા.શાળા ખાતે CRC કોર્ડીનેટર દ્વારા SPOની માર્ગદર્શન મીટીંગ યોજી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા કુમાર કલસ્ટરના CRC-CO આયોજન SPOની માર્ગદર્શન મિટિંગ સાલા વાડિયા પ્રા.શાળા ખાતે રાખવામાં આવી હતી. જેમાં SMC પુનઃ રચનાની સમીક્ષા, પ્રમાણપત્ર, ધો.૧ના બાળકોની આધાર ડાયસમાં એન્ટ્રી અપડેટ કરવી, શેરી શિક્ષણ, હોમ લર્નિંગ અંતર્ગત જ્ઞાનસેતુ કાર્યક્રમ મુજબ શાળા કક્ષાએ કરેલ કામગીરી અને વિશેષ આયોજન, G-Shala Appમાં શિક્ષકોએ “ચાલો શ્વાસ વાવીએ” અંતર્ગત વૃક્ષારોપણ કરેલ હતું. School ઘર Excellence વિશે માર્ગદર્શન, જૂન-૨૦૨૧ ના માસમાં શાળા કક્ષાએ કરેલ તમામ પ્રવૃત્તિનો અહેવાલ, ધો.૮ માંથી ધો.૯ માં વિદ્યાર્થીઓનું ૧૦૦ % નામાંકન કરાવવું, શાળા વિકાસ આયોજન, માઈક્રોસોફ્ટ ટીમ્સના માધ્યમથી વરચુઅલ શિક્ષણ, ગુણોત્સવ-૨.ઘ ના પરીણામની સમીક્ષા, જ્ઞાનકુંજ, કોમ્પ્યુટર લેબ જાળવણી અને તેનો ઉપયોગ, DISH TV અને શાળા સ્વચ્છતા વગેરે મુદ્દાઓની સી.આર.સી.કો.ઓર્ડીનેટર જયેશભાઈ પરમાર દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. મિટિંગ બી.આર.સી.કો.ઓર્ડીનેટર શહેરા ડો.કલ્પેશ આર.પરમાર ઉપસ્થિત રહી જરૂર માર્ગદર્શન અને આચાર્ય ઓને ઉદ્દભવેલ પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ કરી “ચાલો શ્વાસ વાવીએ” અંતર્ગત શાળામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તેમજ કોરોના મહામારી દરમિયાન કરેલ શિક્ષકઓની શ્રેષ્ઠ કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.મિટિંગમાં કલસ્ટરની તમામ શાળાઓના આચાર્યો હાજર રહી માર્ગદર્શન મેળવ્યું હતું. કોવિડ-૧૯ અને શિક્ષણ વિભાગની SOP ની ગાઈડલાઈન અનુસરવામાં આવી હતું.

## જાતીય અત્યાચારનો ભોગ બનેલી યુવતીને ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ગોધરા દ્વારા રક્ષણ અપાવ્યું

ગોધરા,

ગોધરા પરવડી વિસ્તારમાંથી એક ત્રાહિત વ્યક્તિનો કોલ આવ્યો હતો કે, એક યુવતી અહીં બેસી રહી છે. જેને પૂછતાં કઈ જણાવતા નથી.જેથી તેને મદદ કરવા અનુરોધ થી ૧૮૧અભયમ મહિલા હેલ્પલાઈન ટીમ ગોધરા તાત્કાલિક સ્થળ પર પહોંચતા યુવતી સાથે વાતચીત કરતા જાણવા મળ્યું કે તે વારંવાર જાતીય હિંસા નો ભોગ બની છે. જેની અંદાજે ૧૭ થી ૧૯ વર્ષની ઉંમર હોય તેવું જણાઈ રહ્યું હતું. આમ ગુન્હાની ગંભીરતા જોતા તાલુકા પોલીસ સ્ટેશનમા યુવતીના રક્ષણ માટે રજૂ કરવામાં આવી હતી. ત્યારે વધુ માહિતી મુજબ યુવતી તેના માતાના દબાણને કારણે એક ઈસમ સાથે જાતીય અત્યાચાર નો વારંવાર ભોગ બનતા ત્રાસી ને ત્યાંથી ભાગી છૂટી હતી. જ્યાં રસ્તામા એક વાહનમાં બેસતા તે વાહન ચાલક અને બે વ્યક્તિઓ તેને છોટાઉદેપુર બાજુ એક રૂમમા રાખી વારંવાર શારીરિક સંબધો બાંધ્યા હતા. ત્યારે યુવતીને મોકો મળતા જ તે ત્યાંથી ભાગી છૂટી અને ગોધરા બાજુ આવી ગઈ હતી. અભયમ ટીમે તેની સાથે વાતચીત કરી ત્યારે તે ખુબ ગભરાયેલ હતી, પરંતુ અભયમ દ્વારા તેને જરૂરી મદદ પહોંચાડવામાં આવશે તેવી ખાત્રી આપતાં તેણે પોતાની આપવીતી જણાવી હતી. જાતીય અત્યાચારનો ભોગ બનેલી યુવતીને યોગ્ય રક્ષણ મળી રહે તે માટે પોલીસ સમક્ષ રજૂ કરવામાં આવી છે.

## ગોધરા રેલ્વે સ્ટેશન ઉપર પેદલ પુલની ગડરની કામગીરી માટે ત્રણ થી ચાર કલાકનો બ્લોક અપાયો


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,

ગોધરા રેલ્વે સ્ટેશન ખાતે પેદલ પુલનું નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. પુલની ગટરો મુકવાની કામગીરી શરૂ કરતાં ત્રણ થી ચાર કલાક માટે બ્લોક આપવામાં આવ્યો હતો. અને મુંબઈ-દિલ્હી તરફ થી મુસાફર ટ્રેનોને ચાર્ડના ટ્રેક ઉપર ડાયવર્ટ કરાઈ હતી.

ગોધરા રેલ્વે સ્ટેશનમાં પ્લેટ ફોર્મ ૧,૨,૩,૪ ને જોડતા પેદલ પુલની સમય મર્યાદા પુરી થયેલ છે. જેને લઈ હાલમાં નવિન પેદલ પુલનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. નવિન બનતા પેદલ પુલના નિર્માણ કામગીરી કરાઈ રહી છે. તેમાં આજરોજ ૨૮૦ મીટરની લંબાઈના પુલની ગટરો મુકવાની માટે દિલ્હી-મુંબઈ તરફ પસાર થતી મુસાફર ટ્રેનોને ત્રણ થી ચાર કલાક બ્લોક અપાયો હતો. અન મુસાફર ટ્રેનોને ચાર્ડના ટ્રેક ઉપર ડાયવર્ટ કરાઈ હતી. પેદલ પુલની ગટરો મુકવા માટે મહાકાય હાઈડ્રોનિક કેન ઉપયોગમાં લેવાઈ છે. રેલ્વે સ્ટેશન રેલ્વે અધિક્ષક SOW, PWI ટીમ હાજર રહ્યા હતા.

## ગોધરાનું ગૌરવ : મુસ્લિમ સમાજની યુવતીએ સમાજનું નામ રોશન કર્યું



ગોધરા,

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં રહેતી મુસ્લિમ યુવતી ઘાંચીભાઈ ફાએઝા હુસેન ગુજરાતની આણંદ ખાતે આવેલી એસ.પી. યુનિવર્સિટીના પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ અને શ્રી ક્રિષ્ના હોસ્પિટલ કરમસદમાં અભ્યાસ કરી એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં ફર્સ્ટ કલાસ સાથે પાસ કરીને આગળ અભ્યાસ માટે ગીતાંજલી મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ઉદયપુર ખાતે આગળ પોસ્ટ ગ્રેજ્યુએશન સાથે માસ્ટર ઓફ સર્જન (ગાયનેક) માટે એડમિશન લીધું હતું એમ ફર્સ્ટ કલાસ સાથે પાસ કરીને પંચમહાલ જિલ્લાના મુસ્લિમ સમાજ અને પોતાના પરિવારનું નામ રોશન કર્યુ છે. વિદ્યાર્થીનીએ પોતાના વિશે જણાવ્યું કે એક મુસ્લિમ પરિવારની દીકરી છું. મારી માતા એક ગૃહિણી છે અને પિતા વકીલ હતા. મારૂ અને મારા માતા-પિતાનું સ્વપન હતું કે ડોકટર બની ગરીબ લોકોની સેવા કરૂ. તેમના સપનાને સાકાર કરવા મેં દ્રઢ સંકલ્પ કર્યો. મને કરમસદની પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ અને શ્રી ક્રિષ્ના હોસ્પિટલમાં એડમિશન મળ્યું. મેં સાડા પાંચ વર્ષ સુધી આ પરીક્ષા પાસ કરવા સખત મહેનત કરી અને છેવટે મેં ફર્સ્ટ કલાસ સાથે ફાઈનલ એમ.બી.બી.એસ.ની પરીક્ષા પાસ કરીને આગળ અભ્યાસ માટે ઉદયપુર ખાતે ગીતાંજલી મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ખાતે એડમિશન લઈ પોસ્ટ ગ્રેજ્યુએશન, માસ્ટર ઓફ સર્જન (ગાયનેક) ફર્સ્ટ કલાસ સાથે પાસ કરતા મારા પરિવારજનોની ખુશીઓ સમાતી ન હતી. મને ડોકટર બનાવવામાં મારા માતા-પિતા, પરિવારજનો અને મિત્રોનો ખૂબ જ સાથ સહકાર મળ્યો હતો.



ગોધરા તાલુકાના કાંકણપુર વિસ્તારમાં એમ.જી.વી.સી.એલ. દ્વારા પ્રિમોન્સુન કામગીરી અંતર્ગત વીજ પોલ ઉપર ફેલાયેલા વેલાવાળી વનસ્પતિ દુર કરવામાં આવી નથી.જેને લઈ હાલ ચોમાસાની સીજનમાં કોઈ આકસ્મીક ઘટના બને તે ટાળી શકાય તેમ નથી. ત્યારે વીજ કંપની દ્વારા વીજ પોલ ઉપરના વેલાઓ દુર કરશે ખરું ?

## પંચમહાલ જિલ્લામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજાનારી વિવિધ પરીક્ષાને પગલે કેન્દ્ર આસપાસ પ્રવેશ ઉપર પ્રતિબંધ, કલમ-૧૪૪ અંતર્ગત જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

ગોધરા,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૫ જુલાઈ થી ૨૮ જુલાઈ સુધી રોજ લેવાનારી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના રીપીટર અને ખાનગી વિદ્યાર્થીઓની પરીક્ષાઓને પગલે પંચમહાલ જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એમ.ડી. ચુડાસમા દ્વારા બે જાહેરનામા બહાર પાડી કેટલાક પ્રતિબંધક આદેશો જારી કરવામાં આવ્યા છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અંતર્ગત મળેલ સત્તાની રૂએ તા. ૧૫/૦૭/૨૦૨૧થી તા.૨૮/૦૭/૨૦૨૧ સુધી (બંને દિવસો સહિત) સવારના ૦૯.૩૦ કલાકથી સાંજના ૧૯.૦૦ કલાક સુધીના સમયગાળા માટે આ જાહેરનામું અમલી રહેશે. આ જાહેરનામા દ્વારા પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધી કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત વ્યકિતઓએ અવરજવર કરવા ઉપર, કાયદેસરની ફરજ બજાવનારાઓને કોઈપણ પ્રકારે અડચણ કે અવરોધ કરવા કે કરાવવા ઉપર તેમજ કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા કે કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવા ઉપર કે પરીક્ષાર્થીઓને શાંતિ-લેખન કાર્યમાં અડચણ-વિક્ષેપ થાય તેવું કોઈ કૃત્ય કરવા-કરાવવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત પરીક્ષાર્થીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ પ્રકારના સરકારી કર્મચારીઓ પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી વસ્તુ અથવા મોબાઈલ ફોન, પેજર, કેમેરા, લેપટોપ, કોમ્પ્યુટર, કેલ્ક્યુલેટર વગેરેનો ઉપયોગ કરવા, કરાવવા ઉપર, પુસ્તકો, કાપલીઓ, ઝેરોક્ષ નકલો કે પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારનું સાહિત્ય પરીક્ષા સ્થળમાં લઈ જવા, વહન કરવા કે તેમાં મદદગારી કરવા કે તેવી વસ્તુઓ સાથે પરીક્ષાસ્થળમાં પ્રવેશવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જો કે આ ખંડની જોગવાઈઓ ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા અધિકૃત રીતે સાદા કેલક્યુલેટરનો ઉપયોગ કરવાની પરવાનગી આપેલ છે તેને લાગુ પડશે નહીં. પરીક્ષામાં થતી ગેરરીતિ અટકાવવાના હેતુથી પરીક્ષાના સમગ્ર વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કોપિયર, ફેકસ મશીન સંચાલકોએ કોપિયર મશીનોનો ઉપયોગ પરીક્ષાના દિવસે સવારના ૦૯.૩૦ કલાકથી ૧૯.૦૦ કલાક સુધી સદંતર બંધ રાખવાના થશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

## ઘોઘંબાના રણજીતનગરમાં ગુજરાત ફલોરો કેમીકલ્સ દ્વારા વૃક્ષારોપણ કરાયું


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

પર્યાવરણના જતન અને તે પ્રત્યેની પ્રતિબદ્ધતા અને વૃક્ષોનું મહત્વ સમજીને હાલ કોરોનના રોગચાળાના મહામારી દરમિયાન સરકારશ્રીના નિયમો નું પાલન કરી સામાજિક અંતર ને ધ્યાનમાં રાખી ને ગુજરાત ફ્લોરોકેમિકલ્સ લિમિટેડ અને રણજીતનગર ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે રણજીતનગર ખાતે વૃક્ષા રોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૪૦૦૦ જેટલા વિવિધ પ્રકારના વૃક્ષો રોપવામાં આવ્યા હતા.સામાજિક ઉતરદાયત્વ અભિગમ સાથે અને ૧૦૦% વૃક્ષો નો ઉછેર થાય એ હેતુ થી ગયા વર્ષ જેમ આ વર્ષે ગુજરાત ફ્લોરોકેમિકલ્સ લિમિટેડ અને રણજીતનગર ગ્રામ પંચાયત ના સંયુક્ત ઉપક્રમે રણજીતનગર ખાતે વૃક્ષા રોપણ કરવામાં આવ્યું. જેમાં ફરતે જંગલી જનાવર તેમજ પશુઓથી રક્ષણ માટે જી.એફ.એલ દ્વારા ફેન્સિંગ કરવામાં આવ્યું હતું. આ અભિગમમાં રણજીતનગર ગામના ગ્રામ પંચાયત ના તલાટી મંત્રી કિરીટસિંહ બારીયા, સનિષ્ઠ સમાજ સેવક અને આગેવાન શૈલેષભાઈ પટેલ, રૂપસિંગભાઈ રાઠવા, મિતલભાઈ પટેલ અશ્વિનભાઈ પટેલ જેવા આગેવાનો તેમજ નાથકુવા ગામના મહેન્દ્રસિંહ સોલંકી કંકોડાકુઈ ગામના પ્રવિણસિંહ સોલંકી જેવા આગેવાનો સહભાગીદાર બન્યા હતા. તેમજ ગુજરાત ફ્લોરોકેમિકલ્સ લિમિટેડ રણજીતનગરના અધિકારીગણ માંથી સંજય ગાંધી, જીગ્નેશ મોરી, GFL CSRના સ્ટાફ ગણ અને GFL CSR volunteer દ્વારા વૃક્ષા રોપણ કાર્ય માં ઉત્સાહ પૂર્વક ભાગ લઈ GFLની સામાજીક કટિબદ્ધતાનું ઉમદા ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું.



શહેરા સહિત સમગ્ર તાલુકા પંથકમાં વરસાદ ખેંચાતા જગતનો તાત ભારે ચિંતાતુર થયો હતો. ત્યારે મંગળવારના રોજ દિવસ દરમિયાન વાદળછાયુ વાતાવરણ સર્જાવા સાથે બપોરના ચાર વાગ્યાની આસપાસ મેઘરાજાની એન્ટ્રી થતાં બફારા અને ઉકળાટભર્યા વાતાવરણમાંથી થોડીવાર માટે પ્રજાજનોને મુક્તિ મળી હતી. તાલુકામાં મેઘરાજાની અવર-જવર શરૂ થતાં મેઘરાજાને મન ભરીને વરસવા માટે ખેડૂતો પ્રાર્થના કરી રહયા છે.